પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૧૧/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ આસો વદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૨૭૩

સુવિચાર
''મિત્ર, પુસ્તક, રસ્તો અને વિચાર જો ખોટા હોય તો ગુમરાહ કરે છે ને સાચા હોય તો ન્યાલ કરે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

લીલીયામોટાનાં ગુંદરણ ગામે ૬૦ હજારની લેતીદેતીમાં બનાવ બન્યો

સગીર અને એક યુવકને જીવતા સળગાવી દેવાયા

તુફાન ગાડીમાં સુતેલા પરપ્રાંતિય સગીર અને એક યુવકને સળગાવી દેવાતા હાહાકાર મચ્યો

મૃતક સગીરનું નામ રવિ બઘેલ અને યુવકનું નામ નીતિન રામસિંગ હોવાનું બહાર આવ્યું

પોલીસે આરોપી વિનેશ ઉર્ફે વિનોદ ડોડીયાર અને તેના પિતરાઈ રાજુ ડોડીયારને ઝડપી લીધા

લાઠીનાં ડીવાયએસપી વિસ્મય માનસેતાનાં માર્ગદર્શનતળે તપાસનો ધમધમાટ શરૂ થયો



અમરેલી, તા. ૩

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે માનવતાને હચમચાવી નાખતી બેવડી હત્યાની ચકચારી ઘટના સામે આવી છે. આ બનાવમાં તુફાન ગાડીમાં ઊંઘી રહેલા એક સગીર સહિત બે પરપ્રાંતિય યુવકોને ગાડીમાં આગ લગાવી જીવતા સળગાવી દેવામાં આવ્યા હોવાનો ગંભીર બનાવ બન્યો છે. જેમાં પ્રાથમિક વિગતો મુજબ, તુફાન ગાડીના બાકી હપ્તાની આશરે રૂપિયા ૬૦ હજારની લેતીદેતીના વિવાદમાં આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા હોવાનું લાઠીના ડીવાયએસપી વિસ્મય માનસેતાએ જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં આવેલી એક વાડીમાં મોડી રાત્રે તુફાન ગાડીમાં બે યુવકો સૂતા હતા. દરમિયાન ગાડીમાં આગ લાગતાં બંને યુવકો આગની લપેટમાં આવી ગયા હતા. જેમાં રવિ કમલેશ બઘેલ નામનો સગીર અને નીતિન રામસિંગ નામના યુવકનો સમાવેશ થાય છે. ગાડીમાં

અનુસંધાન પાના ૬ ઉપર

ગીરકાંઠા વિસ્તારમાં રાનીપશુઓનાં હુમલાઓમાં સતત વધારો

ધારી નજીક ગીરકાંઠાનાં નાગધ્રા ગામે વ્હેલી સવારે દીપડાએ ૭ વર્ષનાં બાળક ઉપર હુમલો કરતાં ફફડાટ

ઈજાગ્રસ્ત બાળકને સારવારઅર્થે અમરેલી ખસેડવામાં આવ્યો



અમરેલી, તા. ૩

ધારી ગીર કાંઠાનાં ગામડાઓમાં વન્ય પ્રાણીઓ અને માનવ વસાહતો વચ્ચેનો સંઘર્ષ સતત ચિંતાજનક બની રહ્યો છે. ત્યારે ધારી તાલુકાના નાગધ્રા ગામે આજે વ્હેલી સવારે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે.

નાગધ્રા ગામની સીમમાં આવેલી જીતેશ વાળાની વાડીમાં ભર ઊંઘમાં સુતેલા સાત વર્ષના બાળક ઉપર આજે સવારે અંદાજે ૪:૧૫ કલાકે

અનુસંધાન પાના ૬ ઉપર

દાનગીગેવ નગરમાં બન્યો બનાવ

ચલાલા : દીકરીએ પ્રેમલગ્ન કરી લેતાં તેણીનાં માતાએ ઝેરી દવા પી લીધી

સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજ્યું

અમરેલી, તા. ૩

ચલાલા ગામે દાનેવ સોસાયટીમાં આવેલ દાનગીગેવ નગરમાં રહેતા અમુબેન દુદુભાઈ જેબલીયા નામના ૫૩ વર્ષીય મહિલાની દીકરીએ પ્રેમલગ્ન કરેલ હોય જે બાબતે તેણીને આઘાત લાગી આવતા ગત તા. ૩૦ના રોજ સવારે ૯ વાગ્યે ચલાલા ગામે પોતાના રહેણાંક મકાનથી ચલાલા હોસ્પિટલ સુધીમાં કોઈ ઝેરી દવા પી લેતા તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૪૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨






ઘરે કામ કરી રહી હોય અગાઉના મનદુઃખને લઈ

ઉનાના મેણ ગામે મહિલાને કૌટુંબિક દિયરે દાતરડા વડે માર્યો જીવલેણ ઘા

મહિલાને ગંભીર હાલતમાં ભાવનગર ખસેડાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૩

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મેણ ગામે કૌટુંબિક મનદુઃખને લઈ એક મહિલા ઉપર દાતરડા વડે હુમલો થયાની ઘટના સામે આવી છે. ગામમાં રહેતાં સંગીતાબેન સોલંકી નામના મહિલા ઉપર તેમના કૌટુંબિક દિયર ભૂપત સોલંકી નામના શખ્સે દાતરડા વડે હુમલો કરતાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને પગલે ગામમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, સવારના સમયે સંગીતાબેન સોલંકી પોતાના ઘરે કામ કરી રહ્યાં હતાં. તે દરમિયાન ગામમાં જ રહેતા તેમના કૌટુંબિક દિયર ભૂપત નામના શખ્સે અગાઉના મનદુઃખને લઈ અચાનક તેમના ઉપર દાતરડા વડે હુમલો કર્યો હતો. હુમલામાં મહિલાના હાથ, પીઠ અને ગળાના ભાગે દાતરડાના ઘા વાગતાં તેઓ લોહી લુહાણ હાલતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં.

ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમ દ્વારા ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક ઉના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જો કે,મહિલાની સ્થિતિ અને વધુ સારવારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમને વધુ સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

રાજુલા : છતડીયા ગામે જુગાર રમતા ૧૧ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૩

રાજુલા તાલુકાના છતડીયા ગામે રહેતા ખોડુભાઈ પોપટભાઈ રાઠોડ સહીત અગિયાર ઈસમો ગત તા.૨ ના રોજ રાત્રીના ૧૨/૧૫ વાગ્યે છતડીયા ગામે શીતળા માતાના મંદિરની પાસે ગામના ઝાપામાં આવેલ ખેતર તરફ જતા રસ્તામાં લેમ્પના અજવાળે જાહેરમાં ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૯,૭૫૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન અગિયાર ઈસમોને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

કાયદાકીય લડત બાદ ન્યાય થયો

લીલીયા મોટા : ગ્રામ પંચાયતનાં સરપંચપદે પૂનઃ જીવનભાઈ વોરા

ઈન્ચાર્જ સરપંચ દ્વારા આવકાર



લીલીયા, તા. ૩

લીલીયા મોટા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે જીવનભાઈ વોરા ફરી સરપંચ બન્યા તારીખ ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ લીલીયા ના સરપંચ તરીકે જીવનભાઈ વોરાને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગટર, ઉછીના પૈસા, જાહેરાતના હોર્ડિંગના વેરા, રજા ચિઠ્ઠી જેવા મુદ્દા પર સસ્પેન્ડ કરી દેવામાં આવેલ હતા ત્યારે જીવનભાઈ વોરા દ્વારા કાયદાકીય લડત ચલાવવામાં આવેલ અને વિકાસ કમિશનરમાંથી તારીખ ૨૭/૩/૨૦૨૬ ના રોજ તેઓને મનાઈ હુકમ લઈ આવેલ હતા ત્યારે તેઓને તારીખ ૪/૫/૨૦૨૬ના રોજ પંચાયતના સરપંચનો ચાર્જ આપેલ હતો ત્યારે તાત્કાલિક કેસ ચલાવી અને તારીખ ૧૯/ ૫/૨૦૨૬ના દિવસે જીવનભાઈ વોરાને મનાઈ હુકમ રદ કરવામાં આવેલ હતો ત્યારબાદ કાયદાકીય લડત હાઈકોર્ટના વકીલ નમન. કે.બ્રહ્મભટ્ટ દ્વારા કેસ ચલાવવામાં આવેલ હતો ત્યારે ૧૮/૮/૨૦૨૬ના રોજ કેસ ચાલી જતા ચુકાદો તેઓના પક્ષમાં આવેલ હતો તારીખ ૧૯/૧૦/ ૨૦૨૬ના રોજ ઓનલાઈન હુકમ તેઓને મળી ગયેલ હતો ત્યારે જિલ્લા પંચાયતમાં ૨૧/૧૦/૨૦૨૬ ના દિવસે જિલ્લા વિકાસ અધિકારીને અરજી કરવામાં આવેલ પણ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કઈ પણ જવાબ આપવામાં આવેલ ન હતો ફરી જીવનભાઈ દ્વારા ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ અરજી જિલ્લા વિકાસ અધિકારીને આપવામાં આવેલ તેમ છતાં પણ હુકમ કરવામાં આવેલ ન હતો ના છૂટકે હાઈકોર્ટમાં તારીખ ૨/૧૧/ ૨૦૨૬ના રોજ પીટીશન સવારે ૧૧ વાગે દાખલ કરતા તારીખ ૨/૧૧/૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦ કલાકે સરપંચ તરીકે તેઓને હુકમ કરી આપવામાં આવેલ હતો ત્યારે તારીખ ૩/ ૧૧/૨૦૨૬ના રોજ ૧૧ કલાકે લીલીયાના સરપંચ તરીકે તેઓના દ્વારા ફરી ચાર્જ સંભાળી લેવામાં આવેલ હતો આ તકે સસ્પેન્શન દરમિયાન ના ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયા દ્વારા સરપંચ તેઓને ફૂલહાર પહેરાવી અને મો મીઠું કરવામાં આવેલ હતું આ તકે ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને શુભકામના પાઠવવામાં આવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

એડવોકેટ કિશોર પાઠકની દલીલોનાં આધારે

લીલીયા મોટા : ક્રિષ્ના કો.ઓ.સોસા.નાં બે બાકીદારો ૨ વર્ષની સજા ફટકારાઈ

સ્થાનિક કોર્ટમાં કેસ ચાલી જતાં ચેકની રકમ પણ ચુકવવા આદેશ

લીલીયા, તા. ૩

લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીમાંથી ઘીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) હરેશભાઈ કાનજીભાઈ ડાબસરા, રહે. સાંઈનાથ પ્લોટ, મુ. લીલીયાનો ચેક રૂા. ૨,૧૮,૭૧૫નો તથા (૨) શિલ્પાબેન હરેશભાઈ ડાબસરા રહે. સાંઈનાથ પ્લોટનો ચેક રૂા. ૧,૬૪,૭૫૦નો રીટર્ન થતા આ બાકીદાર સામે મંડળીના મેનેજર જિતેન્દ્ર ડી. પાઠકે લીંગલ એડવાઈઝર



કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ ફોજદારી કેસ નં. ૧૫૮/૨૦૨૫ તથા ૧૭૫/૨૦૨૫ નો દાખલ કરતા અને કેસ ચાલી જતા અને એડવોકેટની દલીલો ગ્રાહ્ય રાખી અદાલત દ્વારા બાકીદારને બે વર્ષની સજા તથા ચેકની રકમ વળતર ચુકવવા આદેશ કરેલ અને વળતર ન ચુકવે તો વધુ છ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે. આ સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા હુકમ કરેલ છે. આ હુકમ થતાં મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

ટાટા લાઈફ ઈન્સ્યુરન્સ અમરેલી બ્રાન્ચ દ્વારા

અમરેલી ખાતે એવોર્ડ ફંકશન સીઝન–૨નું આયોજન કરાયું

સફળ એડવાઇઝર્સ અને લીડર્સનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું



અમરેલી, તા. ૩

ટાટા લાઈફ ઈન્સ્યુરન્સ અમરેલી બ્રાન્ચ દ્વારા તા. ૧/૧૧/૨૦૨૬, રવિવારના રોજ એવોર્ડ ફંકશન સીઝન–૨નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરી સફળતા પ્રાપ્ત કરનાર એડવાઇઝર્સ અને લીડર્સનું ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કૌશિકભાઈ વેકરિયા (ધારાસભ્ય તથા રાજય કક્ષાના મંત્રી–કાયદા અને ન્યાય મંત્રી તેમજ ઊર્જા મંત્રી) ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિશેષ મહેમાનો તરીકે, હિમાંશુ રાઠોડ–ડાયરેકટર ઓફ એજન્સી (ડીઓએ) ધ્યાનેશ વસાવડા –એડીઓએ, પ્રદીપ સંઘવી–એમબીપીએ, કનિકા મેમ–એમપીબીએ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન આ ભવ્ય કાર્યક્રમનું સુંદર આયોજન શિશિર દેવમુરારી (બીએમ) તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હિરેન લાઠીગરા (એબીએમ), નિખિલ ભટ્ટ (એબીએમ), શબ્બીર બકાલી (સિનિયર ટીમ લીડર) તેમજ બ્રાન્ચના તમામ લીડર્સે વિશેષ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સુંદર અને આકર્ષક સંચાલન જે.પી. કોચરા (ટીમ લીડર) તથા સંકેત અગ્રાવત (ટીમ લીડર) દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન સફળતા પ્રાપ્ત કરનાર એડવાઇઝર્સ અને લીડર્સને સન્માનિત કરી તેમની મહેનત, સમર્પણ અને સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. આ કાર્યક્રમ માત્ર સન્માન સમારોહ જ નહીં, પરંતુ ટીમમાં નવો ઉત્સાહ, પ્રેરણા અને આગામી સમયમાં વધુ ઊંચી સફળતા પ્રાપ્ત કરવાનો સંકલ્પ બની રહ્યો હતો.

ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી મહામંડળ દ્વારા

અમરેલીનાં વેપારીઓને તહેવારમાં પુરતા પ્રમાણમાં ચીલર મળી રહે તે અંગે રજુઆત કરવામાં આવી

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનાં મેનેજરને લેખિતમાં રજુઆત

અમરેલી, તા. ૩

અમરેલી ડિસ્ટ્રિક ચેમ્બર ઓફ કોમર્સ તેમજ અમરેલી વેપારી મહામંડળ દ્વારા તહેવારોમાં વેપારીઓને પૂરતા પ્રમાણમાં ચીલર મળી રહે તે આજરોજ અમરેલી એસબીઆઈ મેઈન બ્રાન્ચ ખાતે રજુઆત કરવામાં આવી.

રજુઆતમાં જણાવેલ છે કે, હાલ તહેવારનો સમય ચાલી રહ્યો છે અમરેલી શહેર તેમજ અમરેલી જિલ્લામાં તાલુકા ચેમ્બરનાં પ્રમુખઓ દ્વારા તેમજ અમરેલી શહેરનાં વિવિધ એસોએશનનાં પ્રમુખો દ્વારા અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ અમરેલી વેપારી મહામંડળનાં પ્રમુખ તથા મહામંત્રીને રજૂઆત કરવામાં આવેલ કે હાલ તહેવારનાં સમયમાં ગ્રાહકો સાથે વેપારમાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે કોમ્પિટિશનનો સમય ચાલી રહ્યો હોય ત્યારે બે રૂપિયા, પાંચ રૂપિયા, દસ રૂપિયાનું ચીલર કે નવી નોટ બજારમાં પૂરતા પ્રમાણમાં ન હોવાથી વેપારીઓ પાસે ન હોવાથી વેપારમાં ખૂબ તકલીફ પડે છે. ત્યારે લાઠી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મેઘાભાઈ ડાંગર, ખાંભા ચેમ્બર્સનાં પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી, કુંકાવાવ ચેમ્બરનાં પ્રમુખ ભીમજીભાઈ વેકરીયા, વડીયા ચેમ્બરનાં પ્રમુખ મિતુલભાઈ



ગણાત્રા, રાજુલા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મનીષભાઈ તેમજ ગૌરાંગભાઈ, સાવરકુંડલા વેપારી મહામંડળનાં કાર્યકારી પ્રમુખ રાજુભાઈ સહીત જિલ્લાભરમાંથી તાલુકા ચેમ્બરનાં પ્રમુખોની સ્થાનિક બેન્કોમાં પણ રજૂઆત કરતા હોય છે. તેમ જ અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સને પણ રજૂઆત કરવામાં આવી તે અનુસંધાને આજરોજ અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ભગીરથ ત્રિવેદી, વેપારી મહામંડળનાં પ્રમુખ બિરજુભાઈ અટારા, મંત્રી નયનભાઈ પરસાણીયા અને ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સનાં માર્ગદર્શક પૂર્વ પ્રમુખ વેપારી મહામંડળ અમરેલી સંજયભાઈ વણઝારા દ્વારા આજરોજ અમરેલી એસબીઆઈ બેન્ક મેઈન બ્રાન્ચ ખાતે વાઈસ મેનેજર વિજયભાઈને અમરેલી શહેર તેમજ જિલ્લાનાં ચેમ્બર દ્વારા જે રજૂઆત કરાઈ હતી અને વેપારમાં જે તકલીફ પડી રહી છે તેની સંબંધી સંપૂર્ણ રજૂઆત કરી અને વેપારીઓને સમગ્ર જિલ્લામાં પૂરતા પ્રમાણમાં ચીલર તાલુકાની બ્રાંચમાં પણ આપો એવી રજૂઆત કરી હતી. ત્યારે બેંકનાં વાઈસ મેનેજર વિજયભાઈ આ રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ આપી ઉપર આરબીઆઈમાં રજૂઆત કરશે તેમજ વેપારીઓને વેપારમાં પડતી તકલીફમાં જેટલી મદદ થતી હશે એટલી સંપૂર્ણ મદદ કરશે અને આગામી દિવસોમાં પણ ચીલર આવશે ત્યારે વેપારીઓને જાણ કરી આ તકલીફ દૂર કરવા તેઓ મદદ કરશે. ત્યારે અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી મહામંડળ દ્વારાનો આ હકારાત્મક પ્રતિસાદને લઈને આભાર માનવામાં આવેલ હતો.

અમરેલી ખાતે સુપ્રસિધ્ધ નીલકંઠ જવેલર્સ દ્વારા અતિ આકર્ષક ''એકસકલુઝિવ રિયલ ડાયમંડ જવેલરી એક્ઝિબિશન'' યોજાયું



અમરેલી જિલ્લામાં સુવર્ણ કલા અને રત્ન આભૂષણો ક્ષેત્રે અગ્રેસર રહેલા નીલકંઠ જવેલર્સ દ્વારા ગત રવિવાર, તા. ૧ નવેમ્બર ૨૦૨૬નાં રોજ અતિ આકર્ષક ''એકસકલુઝિવ રિયલ ડાયમંડ જવેલરી એક્ઝિબિશન'' યોજાયું હતું. સુવર્ણ આભૂષણોમાં જડેલા અસલ હીરાની ઝગમગતી નવીન ડિઝાઈનોનું આ પ્રદર્શન ઘરેણાનાં શોખીનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ તકે સંસ્થા દ્વારા ગ્રાહકોને રિયલ ડાયમંડ જવેલરીની ખરીદી પર ઘડતર (મજૂરી) ચાર્જમાં ૫૦ ટકાનું ડિસ્કાઉન્ટ આપીને ખરીદીને વધુ સુલભ બનાવી હતી. આ ગરિમામય કાયકમનો મંગલ પ્રારંભ ગુજરાત રાજયનાં ઊર્જા કૌશિકભાઈ વેકરિયા, અમરેલી લોકસભાનાં સાંસદ ભરતભાઈ સુતરિયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોલિયા, અમરેલી જિલ્લા ભાજપ અગ્રણી મધુભાઈ હરખાણી, અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય આશિષભાઈ અકબરી, અમરેલી માર્કેટિંગ યાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા તેમજ આયુર્વેદિક હોસ્પિટલનાં ડો. ભાવેશભાઈ મહેતાનાં વરદ્હસ્તે દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવ્યો હતો. રાજકીય અને વહીવટી ક્ષેત્રનાં આ વિશેષ મહેમાનોની હાજરીથી સમગ્ર સમારોની શોભામાં વૃદ્ધિ થઈ હતી. આ અવસરે ગુર્જર ક્ષત્રિય મહિલા સમિતિનાં પ્રમુખ ઉર્મિલાબેન ભરતભાઈ ટાંક, આશાબેન દવે તેજસ્વિની કલબ અમરેલી તથા તેમના સભ્યઓ, લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ, ગોરસ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ લાઠીનાં કલાપી ગ્રુપનાં હોદ્દેદારો અને પ્રતિનિધિઓ વિશેષ પણે ઉપસ્થિત રહ્યા હતા. સામાજીક અને સેવાકીય ક્ષેત્રે કાર્યરત લાયન્સ કલબ મેઈન અમરેલી, લાયન્સ કલબ મેઈન સિટી અમરેલી, લાયન્સ કલબ રોયલ અમરેલી તેમજ રોટરી કલબ ગીર અમરેલી, રોટરી કલબ સિટી અમરેલી અને રોટરી કલબ મેઈન અમરેલીનાં આગેવાનો પણ સહભાગી બન્યા હતા. આ સાથે જ અમરેલી નગરપાલિકાનાં ચૂંટાયેલા સભ્યો, નગરપાલિકા શિક્ષણ સમિતિનાં સદસ્યો, અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી મહામંડળનાં વેપારી અગ્રણીઓ, શહેરનાં જાણીતા તબીબો, વિદ્વાન વકીલઓ અને વિશળા સંખ્યામાં સ્નેહી ગ્રાહકોએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન નીલકંઠ જવેલર્સનાં ઓનર કેતનભાઈએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સુવર્ણ અને રત્નો માત્ર આભૂષણ નથી, પરંતુ પરિવારોનો વારસો અને લાગણીઓનું પ્રતીક છે. નીલકંઠ જવેલર્સ હંમેશાં ગુણવત્તા, શુદ્વતા અને વ્યાજબી કિંમતો સાથે શ્રેષ્ઠ કલેકશન પૂરૂ પાડવા તત્પર રહ્યું છે. વિશેષમાં તેમણે ઉપસ્થિત તમામ મંત્રી, સાંસદ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ મંડળો–કલબોના હોદ્દેદારો, વેપારી મિત્રો તેમજ બહોળી સંખ્યામાં પધારી એક્ઝિબિશનને સફળ બનાવનાર તમામ ગ્રાહકોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન અમરેલી શહેર અને સમગ્ર જિલ્લામાંથી આભૂષણ પ્રેમીઓની ભીડ જોવા મળી હતી અને સૌએ આ સુંદર આયોજન તથા ૫૦% મજુરી ડિસ્કાઉન્ટની સુવિધાની પ્રશંસા કરી હતી.

છેવાડાનાં અને ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન-ટેકનોલોજીના નવા દ્વાર ખુલ્યા

અમરેલીની શાળામાં સૌરાષ્ટ્રની પ્રથમ VR અને AI-સક્ષમ 7D વર્ચ્યુઅલ રિયાલીટી લેબ શરૂ

અભ્યાસનાં ૩૦૦થી વધુ ટોપિકને આંખોની સામે 7-D રિયાલિટીમાં જોઈ અને શીખવવાનો અવસર સર્જાયો

ઐતિહાસિક ઘટનાના વર્ચ્યુઅલ અનુભવથી લઈ ભૂકંપની કંપારીઓની પ્રત્યક્ષ અનુભૂતિ મેળવતા વિદ્યાર્થીઓ

લેબ શરૂ થયાના પ્રથમ એક માસમાં જ અન્ય શાળાઓના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓની મુલાકાત

સમગ્ર અમરેલી જિલ્લાનાં વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધા તદ્દન નિઃશુલ્ક



અમરેલી, તા. ૩

શિક્ષણ ક્ષેત્રે પરંપરાગત પદ્ધતિઓથી આગળ વધીને વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ આધારિત ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવાની દિશામાં અમરેલી શહેરના ઈરીયા નજીક આવેલી ડો. કલામ ઈનોવેટિવ સ્કૂલે સૌરાષ્ટ્રની પ્રથમ વર્ચ્યુઅલ રિયાલિટી (વીઆર) લેબ અને ૧૦ એઆઈ-સક્ષમ ૭ડી ચેર કાર્યરત કરી અને શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીના ઉપયોગનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પહેલથી વિદ્યાર્થીઓ હવે જટિલ વિષયોને માત્ર પુસ્તકોમાં વાંચવા કે ગોખવા પૂરતા મર્યાદિત ન રહેતાં, આધુનિક ટેકનોલોજીની મદદથી જીવંત અનુભવો દ્વારા સમજી શકે છે. શાળાને આ સુવિધા આર્થિક સહયોગથી પ્રાપ્ત થઈ હોવાથી તેનો લાભ અમરેલી જિલ્લાની તમામ શાળાઓ લઈ શકશે.

શાળામાં કાર્યરત અદ્યતન વીઆર લેબ વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ દુનિયામાં પ્રવેશ કરાવી વિવિધ વિષયોનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. લેબમાં સ્થાપિત ૧૦ એઆઈ-સક્ષમ ૭ડી ચેર ૩૬૦ ડિગ્રી રોટેશન, વાઈબ્રેશન અને અન્ય સંવેદનાત્મક અસરો દ્વારા વિદ્યાર્થીઓને વાસ્તવિકતાની નજીકનો અનુભવ આપે છે. પરિણામે વિજ્ઞાન, ભૂગોળ અને ઈતિહાસ જેવા વિષયોનું અધ્યયન વધુ રસપ્રદ અને સમજણસભર બને છે.

દાંડીકૂચ જેવી ઐતિહાસિક ઘટનાઓના વર્ચ્યુઅલ અનુભવ દ્વારા વિદ્યાર્થીઓ સાબરમતી આશ્રમથી દાંડી સુધીની યાત્રાના વાતાવરણને અનુભવી શકે છે. તેવી જ રીતે, ભૂકંપના આંચકા અને કંપનની અનુભૂતિ દ્વારા કુદરતી આપત્તિઓ અંગે વૈજ્ઞાનિક સમજ કેળવી શકે છે. વોટર-સ્પ્રે અને રોટેશન ટેકનોલોજીની મદદથી દરિયાઈ જીવસૃષ્ટિનો અનુભવ પણ વિદ્યાર્થીઓ માટે અભ્યાસને વધુ જીવંત બનાવે છે.

આ પહેલ અંગે શાળાના સંચાલકે જણાવ્યું હતું કે, "બાળકો દૃશ્ય માધ્યમથી વિષયોને યાદ રાખે છે, પરંતુ ૭ડી ચેર પર ઓકયુલસની મદદથી તેઓ અઘરા વિષયોને પ્રત્યક્ષ અનુભવી શકે છે. અમારો મુખ્ય સંકલ્પ એ છે કે આધુનિક ટેકનોલોજીનો લાભ માત્ર અમુક વર્ગ પૂરતો સીમિત ન રહે, પરંતુ અમરેલી શહેર અને જિલ્લાના છેવાડાનાં ગામડાંઓના વિદ્યાર્થીઓ સુધી પણ પહોંચે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના સહયોગથી સાકાર થયેલી આ સુવિધા માત્ર શાળાના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી. સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે અમરેલી જિલ્લાના તમામ સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે આ સુવિધા તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી છે. લેબ શરૂ થયાના પ્રથમ એક માસમાં જ અન્ય શાળાઓના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ મુલાકાત લઈને આ અદ્યતન ટેકનોલોજીનો લાભ મેળવ્યો છે. જિલ્લાની અન્ય તમામ શાળાઓ આ સુવિધાઓ લઈ શકશે.'

અગાઉ 'ટેકનોરથ સ્ટાર્ટઅપ સ્ટુડિયો' દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઓળખ પ્રાપ્ત કરનાર સ્કૂલે આ નવી પહેલ દ્વારા ડિજિટલ ભેદભાવ દૂર કરવાની દિશામાં પણ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. અમરેલી જેવા વિસ્તારમાં ગ્રામ્ય અને છેવાડાના વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીથી સજ્જ શિક્ષણનો અનુભવ પૂરો પાડતું આ મોડેલ શિક્ષણ ક્ષેત્રે પ્રેરણારૂપ બની રહ્યું છે.

આમ, આ પહેલ માત્ર ટેકનોલોજીના ઉપયોગ પૂરતી સીમિત નથી, પરંતુ દરેક વિદ્યાર્થીને સમાન તક અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના સંકલ્પની સાફલ્ય ગાથા છે.

લીલીયા મોટા : માર્કેટયાર્ડ ૭ થી ૧૧ નવેમ્બર સુધી બંધ રહેશે

લીલીયા, તા. ૩

લીલીયા મોટા માર્કેટયાર્ડ દિવાળીનાં તહેવારને લઈને ૭થી ૧૧ નવેમ્બર સુધી બંધ રહેશે.

યાર્ડ દ્વારા અખબારી નિવેદનમાં જણાવાયું છે કે, આગામી તા. ૭/૧૧/૨૬નેશનિવાર (કાળીચૌદશ) થી આગામી તા. ૧૩/૧૧/૨૦૨૬ને શનિવાર સુધી "દિવાળી તથા નૂતનવર્ષનાં તહેવારો" હોવાથી માર્કેટયાર્ડમાં જાહેર હરરાજીનું તમામ કામકાજ બંધ રહેશે. તેથી ખેડૂત ભાઈઓએ ખેત જણસીઓ ન લાવવી અને તમામ વેપારી ભાઈઓએ આગ અકસ્માતનાં બનાવો ન બંને અને માલનું નુકસાન ન થાય તે હેતુથી પોતાનો કપાસ અને ખરીદી કરેલ તમામ જણસીઓનો જથ્થો માર્કેટ યાર્ડમાંથી સુરક્ષીત જગ્યાએ ફેરજીયાત પણે ખરીદી લેવા સુચના છે.

આગામી તા. ૧૪/૧૧/૨૦૨૬ લાભ પાંચમને શનિવારનાં રોજથી જાહેર હરરાજીનું તમામ કામકાજ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકમ્બાત શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

આદુ-મરચાથી ભરપુર રૂપે. વાટીદાળના ખમણ
તેમજ રૂપે. નાયલોન ખમણ મળશે
દાનગીવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એક્સ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

Shine 100 DX
કવે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

FLEX YOUR RIDE WITH HYBRID POWER
NEW fascino 125 Fi HYBRID
EFFICIENT AND POWERFUL 125CC Fi ENGINE
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ઘારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

હોર્મુઝ મુદ્દે ઈરાનની અમેરિકાને શરતી ઓફર

અમેરિકા સાત શરતો માને તો ૪૮ કલાકમાં હોર્મુઝ ખુલશે : ઈરાન

અમેરિકામાં જેડી વાન્સ અને ખાસ દૂત સ્ટીવ વિટકોફ જ ઇરાન સાથે સમાધાન કરવા ઇચ્છુક, બાકીના યુદ્ધ કરવા માટે ઉત્સુક

વોશિંગ્ટન, તા.૩

ઈરાને જણાવ્યું હતું કે જો વોશિંગ્ટન તેની સાત માંગ માની લે તો તેઓ ૪૮ કલાકમાં જ હોર્મુઝ ખોલવા અને પરમાણુ કરાર અંગે મંત્રણા કરવા માટે તૈયાર છે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વોશિંગ્ટન સાથે મધ્યસ્થીઆ દ્વારા થયેલા સંવાદના આધારે આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જો કે સમયમર્યાદા ઘણી ઓછી છે. આ બાબત ફરીથી શાંતિ પ્રત્યે ઈરાનની પ્રતિબદ્ધતા દર્શાવે છે.નેતન્યાહુએ સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથ અને સેટકોમ કમાંડર બ્રેન્ડ કુપર સહિત તંત્રના ટોચના અધિકારીઓ પર દબાણ કરવા માંડયુ છે. ઈરાન સામેના યુદ્ધને યોગ્ય રીતે સંભાળવામાં નિષ્ફળ ગયેલા બંને જણા કોઈપણ પ્રકારની સમજૂતીના વિરોધમાં છે. બંને મોટું ઓપરેશન શરૂ કરવાની તરફેણમાં છે. વિદેશપ્રધાન માર્કો રૂબિયો અને સીઆઈએ ડાયરેકટર જોન રેડકિલફ પણ નેતન્યાહુની વાત માની રહ્યા છે.ઈઝરાયેલે પણ ઈરાન સાથે સંભવિત લશ્કરી સંઘર્ષને લઈને પૂરેપૂરી તૈયારી કરી લીધી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના પ્રમુખે પ્રમુખ ટ્રમ્પ સમક્ષ ઈરાન પર ફરીથી યુદ્ધ શરૂ કરવાના વિવિધ વિકલ્પો રજૂ કર્યા છે. આ પરિસ્થિતિમાં સંરક્ષણાત્મક અને આક્રમક તૈયારીઓ પૂરી કરી લીધી છે.

જો કે યુદ્ધનો નિર્ણય ટ્રમ્પના હાથમાં છે. વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ અને દૂત સ્ટીવ વિટકોફ માને છે કે ઈરાન સાથે સમાધાન કરી શકાય છે.આ દરમિયાન હોર્મુઝમાં જહાજો પર હુમલાના સમાચારે ફરીથી હિલચાલ વધારી દીધી છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સની સેનાએ દાવો કર્યો હતો કે બે ઓઈલ ટેન્કર સુરંગ સાથે ટકરાઈને વિસ્ફોટનો શિકાર થયા છે. એક જહાજમાં વિસ્ફોટ થયા પછી ભારે આગ લાગી છે.યુએન માઈગ્રેશન એજન્સીએ જણાવ્યું હતું કે યમનમાં ચાલતા ગૃહયુદ્ધના લીધે વધુને વધુ લોકો વિસ્થાપિત થઈ રહ્યા છે. નવેસરથી ભડકી ઉઠેલા ગૃહયુદ્ધમાં વિસ્થાપિતોનો આંકડો ત્રણ લાખને વટાવી ગયો છે. હુથી બળવાખોરો અને સાઉદી સમર્થિત સરકારી લશ્કર વચ્ચેનો જંગ રોકાવવાનું નામ લેતો નથી, આના પગલે વધુને વધુ લોકો વિસ્થાપિત થઈ રહ્યા છે. હાલમાં હુથીઓએ તાઈઝ શહેર ફરતે ઘેરો ઘાલ્યો છે. યમનની પ્રજા રાહત, આશ્રય, ખોરાક અને પીવાના પાણી માટે ટળવળી રહી છે.ચીને જણાવ્યું હતું કે તે ઈરાન, ઓમાન અને સાઉદી અરેબિયા ખાસ રાજદૂત મોકલવા વિચારી રહ્યુ છે. ચીન મધ્યપૂર્વમાં તેનો પ્રભાવ પાથરવા આતુર છે અને શાંતિના પુરસ્કરતા તરીકે ઉભરી આવવા માંગે છે. ચીનના માઓનિંગે જણાવ્યું હતું કે આ રાજદૂત તનાવ ઘટાડવા અને સ્થિરતાને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ભાજપની જીત બાદ નવા પદાધિકારીઓની વરણી

ગાંધીનગર મનપામાં ભાજપે નવી ટીમની જાહેરાત કરી

સામાન્ય સભામાં રૂપસિંહ ઠાકોરને મેયર, અંજના મહેતાને ડેપ્યુટી મેયર અને મહેન્દ્ર પટેલને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પસંદ કરવામાં આવ્યા છે

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભાજપની જીત બાદ નવા પદાધિકારીઓની વરણી કરવામાં આવી છે. મંગળવાર, ૩ નવેમ્બરના રોજ યોજાયેલી સામાન્ય સભામાં રૂપસિંહ ઠાકોરને મેયર, અંજના મહેતાને ડેપ્યુટી મેયર અને મહેન્દ્ર પટેલને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ચૂંટણી પરિણામ જાહેર થયાના આશરે ૨૦ દિવસ બાદ નવી ટીમની રચના થઈ છે.ભાજપે મેયર પદ માટે ૨૯ વર્ષીય રૂપસિંહ ઠાકોર પર પસંદગી ઉતારી છે. તેઓ પ્રથમ વખત ચૂંટણી લડીને મહાનગરપાલિકામાં પહોંચ્યા છે. ડેપ્યુટી મેયર તરીકે અંજના મહેતાને જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે મહેન્દ્ર પટેલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બન્યા છે.

સામાન્ય સભામાં પદાધિકારીઓની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ ભાજપના સભ્યો માટે પક્ષનો સત્તાવાર મેન્ડેટ સમયસર ન પહોંચતાં નિર્ણયમાં વિલંબ થયો હતો.

આ મુદ્દે કોંગ્રેસે મનપા કમિશનર સમક્ષ પણ રજૂઆત કરી હતી. ત્યારબાદ ભાજપના શહેર પ્રભારી મેન્ડેટ લઈને મનપા કચેરી પહોંચ્યા હતા અને બેઠક બાદ નવી ટીમના નામ જાહેર કરવામાં આવ્યા હતા.ભાજપે સત્તાના મુખ્ય હોદ્દાઓ માટે પસંદગી પૂર્ણ કરી, ત્યારે કોંગ્રેસે પણ વિપક્ષના નેતાનું નામ જાહેર કર્યું છે. કર્મજીતસિંહ વાઘેલાને વિપક્ષના નેતા તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.આ વખતે ગાંધીનગર મનપામાં કોંગ્રેસના પાંચ સભ્યો અને એક અપક્ષ સભ્ય હોવાથી વિપક્ષ અગાઉની સરખામણીએ વધુ મજબૂત બનશે. પરિણામે મનપાની સામાન્ય સભામાં વિવિધ વિકાસકાર્યો, નાગરિક સુવિધાઓ અને વહીવટી નિર્ણયો અંગે સત્તાપક્ષને વિપક્ષના સવાલોનો સામનો કરવો પડી શકે છે.નવી ટીમ સામે શહેરના વિકાસ, રસ્તા, પાણી, સફાઈ, ગટર વ્યવસ્થા અને નાગરિક સુવિધાઓ સુધારવાની મહત્વપૂર્ણ જવાબદારી રહેશે. હવે નવી સત્તાધારી ટીમ પોતાના કાર્યકાળમાં કઈ પ્રાથમિકતાઓ નક્કી કરે છે તેના પર ગાંધીનગરના નાગરિકોની નજર રહેશે.

ગુજરાત સહિત અનેક રાજ્યોમાં વરસાદની આગાહી

બંગાળની ખાડીમાં તોફાની મુરાસુ વાવાઝોડું સક્રિય

આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ૩ નવેમ્બરની સવારે લેન્ડફોલની શક્યતા; ૧૦૦થી ૧૧૦ કિમીની ઝડપે ફૂંકાશે પવન

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર મહા નગર પાલિકામાં ભાજપની જીત બાદ નવા પદાધિકારીઓની વરણી કરવામાં આવી છે. મંગળવાર, ૩ નવેમ્બરના રોજ યોજાયેલી સામાન્ય સભામાં રૂપસિંહ ઠાકોરને મેયર, અંજના મહેતાને ડેપ્યુટી મેયર અને મહેન્દ્ર પટેલને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ચૂંટણી પરિણામ જાહેર થયાના આશરે ૨૦ દિવસ બાદ નવી ટીમની રચના થઈ છે.

ભાજપે મેયર પદ માટે ૨૯ વર્ષીય રૂપસિંહ ઠાકોર પર પસંદગી ઉતારી છે. તેઓ પ્રથમ વખત ચૂંટણી લડીને મહાનગરપાલિકામાં પહોંચ્યા છે. ડેપ્યુટી મેયર તરીકે અંજના મહેતાને જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે મહેન્દ્ર પટેલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બન્યા છે. સામાન્ય સભામાં પદાધિકારીઓની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ ભાજપના સભ્યો માટે પક્ષનો સત્તાવાર મેન્ડેટ સમયસર ન પહોંચતાં નિર્ણયમાં વિલંબ થયો હતો.

આ મુદ્દે કોંગ્રેસે મનપા કમિશનર સમક્ષ પણ રજૂઆત કરી હતી. ત્યારબાદ ભાજપના શહેર પ્રભારી મેન્ડેટ લઈને મનપા કચેરી પહોંચ્યા હતા અને બેઠક બાદ નવી ટીમના નામ જાહેર કરવામાં આવ્યા હતા.

ભાજપે સત્તાના મુખ્ય હોદ્દાઓ માટે પસંદગી પૂર્ણ કરી, ત્યારે કોંગ્રેસે પણ વિપક્ષના નેતાનું નામ જાહેર કર્યું છે. કર્મજીતસિંહ વાઘેલાને વિપક્ષના નેતા તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.આ વખતે ગાંધીનગર મનપામાં કોંગ્રેસના પાંચ સભ્યો અને એક અપક્ષ સભ્ય હોવાથી વિપક્ષ અગાઉની સરખામણીએ વધુ મજબૂત બનશે. પરિણામે મનપાની સામાન્ય સભામાં વિવિધ વિકાસકાર્યો, નાગરિક સુવિધાઓ અને વહીવટી નિર્ણયો અંગે સત્તાપક્ષને વિપક્ષના સવાલોનો સામનો કરવો પડી શકે છે.નવી ટીમ સામે શહેરના વિકાસ, રસ્તા, પાણી, સફાઈ, ગટર વ્યવસ્થા અને નાગરિક સુવિધાઓ સુધારવાની મહત્વપૂર્ણ જવાબદારી રહેશે. હવે નવી સત્તાધારી ટીમ પોતાના કાર્યકાળમાં કઈ પ્રાથમિકતાઓ નક્કી કરે છે તેના પર ગાંધીનગરના નાગરિકોની નજર રહેશે.

ગુજરાતમાં આરોગ્ય વિભાગની મોટી કાર્યવાહી

૧૫ દિવસની મેગા ડ્રાઈવમાં ૩૮ બોગસ ડોક્ટરો ઝડપાયા

આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વિશેષ ટીમો બનાવીને તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ ડોકટરો સામે રાજ્યના આરોગ્ય વિભાગે લાલ આંખ કરી છે. વગર ડિગ્રીએ અને જરૂરી લાયકાત વિના ગેરકાયદેસર રીતે દર્દીઓની સારવાર કરતા તબીબોને ઝડપી પાડવા માટે રાજ્યભરમાં ૧૫ દિવસની વિશેષ મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગની ૨૯૮ ટીમોએ તપાસ કરતાં કુલ ૩૮ બોગસ ડોક્ટરો ઝડપાયા છે. આ પૈકી ૩૫ લોકો સામે પોલીસ ફરિયાદ (FIR) પણ નોંધવામાં આવી છે.આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વિશેષ ટીમો બનાવીને તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ટીમોએ વિવિધ ક્લિનિક અને સારવાર કેન્દ્રોમાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન જરૂરી શૈક્ષણિક લાયકાત અને મેડિકલ પ્રેક્ટિસ માટેની મંજૂરી વિના દર્દીઓની સારવાર કરતા શખસો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.આ મેગા ડ્રાઈવ દરમિયાન રાજકોટ જિલ્લામાં સૌથી વધુ બોગસ ડોકટરો ઝડપાયા છે. એકલા રાજકોટમાંથી ૧૭ શખસો પકડાયા છે. જ્યારે સુરતમાંથી ૯ બોગસ ડોકટરો ઝડપાયા હોવાનું સામે આવ્યું છે.રાજકોટ અને સુરતમાં સૌથી વધુ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગની તપાસમાં આ બંને શહેરો ચર્ચામાં આવ્યા છે. અન્ય જિલ્લાઓમાં પણ તપાસ દરમિયાન ગેરકાયદેસર મેડિકલ પ્રેક્ટિસના કિસ્સાઓ સામે આવ્યા છે.આરોગ્ય વિભાગે ઝડપાયેલા ૩૮ પૈકી ૩૫ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બાકીના કેસોમાં પણ જરૂરી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી રહી છે.વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દિવાળીના તહેવારો બાદ પણ બોગસ ડોકટરો સામેની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય અને ગેરલાયક વ્યક્તિઓ દ્વારા સારવાર આપવાની પ્રવૃત્તિ અટકે તે માટે આગામી સમયમાં પણ આવી તપાસ કરવામાં આવશે.

સરકારી કર્મચારીઓની મિલકતો પર સરકારની નજર

ગુજરાતમાં સરકારી કર્મચારીઓની સંપત્તિ તપાસવા નવી સિસ્ટમ અમલી

વર્ગ ૩ના કર્મચારીઓ માટે પણ વાર્ષિક મિલકત પત્રક ભરવું ફરજિયાત, નિવૃત્તિ બાદ પણ ભ્રષ્ટાચારની તપાસ ચાલુ રહેશે

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના કાર્યકાળ દરમિયાન જમા કરતા અપ્રમાણસર મિલકતો અને સંપતિઓ પર ચાંપતી નજર રાખવા માટે ગુજરાત તકેદારી આયોગ દ્વારા એક અતિ મહત્વપૂર્ણ આદેશ જારી કરવામાં આવ્યો છે.રાજ્ય સરકારના દરેક વિભાગમાં કર્મચારીઓ સ્થાવર અને જંગમ મિલકતોની સુવ્યવસ્થિત ચકાસણી થાય અને અપ્રમાણસર મિલકત સંબંધિત ફરિયાદો વખતે તમામ મિલકતો તુરંત ઉપલબ્ધ રહે તે માટે નવી ચકાસણી સિસ્ટમ ગોઠવવાની તાકીદ કરાઈ છે. તકેદારી આયોગની સમીક્ષા બેઠકના આધારે મહિલા અને બાળ વિકાસ વિભાગે પરિપત્ર બહાર પાડી તમામ શાખાઓ અને કચેરીઓને આ નિયમોનું ચુસ્ત પણે પાલન કરવા નિર્દેશ આપ્યા છે.અત્યાર સુધીમાં ગુજરાત રાજ્ય સેવા નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૯ હેઠળ માત્ર ક્લાસ ૧-૨ ના રાજ્યપત્રિત અધિકારીઓ જ પોતાની મિલકતોનું વાર્ષિક પત્રક ઓનલાઈન સોફટવેરમાં અપડેટ કરતા હતા. પરંતુ સામાન્ય વહીવટ વિભાગના નવા સુધારા અનુસાર, હવે વર્ગ ૩ના કર્મચારીઓ માટે પણ દર વર્ષે પોતાની સ્થાવર અને જંગમ મિલકતોનું વાર્ષિક પત્રક ભરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.સરકારી કામગીરીમાં પારદર્શિતા લાવવા માટે રાજ્યમાં ચાલી રહેલા રૂ. ૧ કરોડથી વધુની રકમના બાંધકામ પ્રોજેક્ટ્સના ત્રિ-માસિક પત્રકો તકેદારી આયોગના ટેકનિકલ એકમને મોકલવામાં આવશે. આ વિગતોના આધારે નિવારત્મક તકેદારી નિરીક્ષણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, સરકારી યોજનાઓમાં નાણાકીય નુકસાન પહોંચાડનાર કોન્ટ્રાક્ટરો કે એજન્સીઓ સામે 'ધી ગુજરાત પબ્લિક વર્ક્સ કોન્ટ્રાક્ટ ડિસ્પ્યુટ્સ ટ્રિબ્યુનલ એક્ટ-૧૯૯૨' હેઠળ કાનૂની કાર્યવાહી કરીને રિકવરી કરવામાં આવશે.નવા નિયમો મુજબ, જો કોઈ કર્મચારી કે અધિકારી સામે ભ્રષ્ટાચારના પુરાવા મળશે, તો નોકરીમાંથી રાજીનામું આપવાથી, બરતરફ થવાથી કે નિવૃત્ત થવાથી તેમની સામેની કાનૂની અને પોલીસ કાર્યવાહી રદ થશે નહીં. દોષિત કર્મચારીઓ અને સરકારને નુકસાન પહોંચાડનારા કોન્ટ્રાક્ટરો પાસેથી નાણાકીય રીકવરી કરવા માટે ટ્રિબ્યુનલ એક્ટ હેઠળ કડક પગલાં લેવામાં આવશે.

સુરતમાં ફટાકડાના સ્ટોલમાં ભીષણ આગ

રોકેટના ધડાકાથી કિરણ ચોક વિસ્તારમાં અફરાતફરી

ફાયર વિભાગની સમયસર કામગીરીને કારણે આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી

સુરત,તા.૩

દિવાળીના તહેવારની તૈયારીઓ વચ્ચે સુરતમાં આગની ગંભીર ઘટના સામે આવી છે. શહેરના કિરણ ચોક નજીક બાપા સીતારામ ફાર્મ પાસે રસ્તા પર લગાવવામાં આવેલા ફટાકડાના સ્ટોલમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. એક સ્ટોલમાંથી શરૂ થયેલી આગે જોતજોતામાં નજીકના અન્ય સ્ટોલ અને ત્યાં સંગ્રહિત ફટાકડાને પણ પોતાની લપેટમાં લઈ લીધા હતા. ફટાકડામાં સતત ધડાકા થવા લાગતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગની સમયસર કામગીરીને કારણે આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.

ફટાકડાના સ્ટોલમાં આગ લાગ્યા બાદ ત્યાં રાખવામાં આવેલા ફટાકડા એક પછી એક ફૂટવા લાગ્યા હતા. રોકેટ આકાશમાં છૂટતાં અને સતત ધડાકા થતા આસપાસના લોકોમાં ભય ફેલાયો હતો. ઘટનાસ્થળેથી ધુમાડાના ગોટેગોટા ઊંચે ઊઠતા જોવા મળ્યા હતા.રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ગભરાટ ફેલાતાં લોકો સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા. આગની જ્વાળાઓ નજીકમાં પાર્ક કરાયેલા વાહનો સુધી પહોંચે તેવી આશંકા ઊભી થતાં કેટલાક લોકોએ તાત્કાલિક પોતાનાં વાહનો ત્યાંથી હટાવી લીધાં હતાં.ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગની ટીમો ફાયર ફાઈટરો સાથે સ્થળ પર પહોંચી હતી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર જવાનોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી.સમયસર કરવામાં આવેલી કામગીરીને કારણે આગ નજીકના રહેણાક અને વેપારી વિસ્તારોમાં વધુ ફેલાતી અટકી હતી. ફટાકડાના કારણે સતત ધડાકા થતા હોવા છતાં ફાયર વિભાગે આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આથી સંભવિત મોટી જાનહાનિ ટળી હતી.આગની ઝપેટમાં આવેલા ફટાકડાના સ્ટોલમાં રાખવામાં આવેલો મોટાભાગનો માલ બળીને ખાખ થઈ ગયો હતો. દિવાળીના તહેવાર દરમિયાન વેચાણ માટે એકત્રિત કરેલા ફટાકડા નષ્ટ થતાં વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે.ઘટનાએ જાહેર રસ્તાઓ પર ફટાકડાના સ્ટોલ લગાવતી વખતે અગ્નિસુરક્ષા અને સલામતીના નિયમોનું પાલન કેટલું જરૂરી છે તે ફરી એકવાર દર્શાવ્યું છે. ખાસ કરીને ફટાકડા જેવા જ્વલનશીલ માલના સંગ્રહ અને વેચાણ દરમિયાન યોગ્ય અંતર, અગ્નિશામક સાધનો અને સુરક્ષિત વ્યવસ્થા રાખવી અત્યંત જરૂરી છે.

MITના સંશોધકોએ વ્યક્તિગત કેન્સર વેક્સિન માટે નેનોપાર્ટિકલ્સ વિકસાવ્યાં

વોશિંગ્ટન , તા.૩

અમેરિકાની મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના સંશોધકોએ વ્યક્તિગત કેન્સર વેક્સિન તૈયાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી છે. સંશોધકોએ ખાસ પ્રકારના નેનોપાર્ટિકલ્સ વિકસાવ્યાં છે, જેની મદદથી દર્દીના ટ્યૂમરમાં રહેલા ચોક્કસ પ્રોટીનને ઓળખીને તેની સામે શરીરની રોગપ્રતિકારક શક્તિને સક્રિય કરી શકાય છે. આ ટેકનોલોજી ભવિષ્યમાં દર્દીના કેન્સરના પ્રકાર અને ટ્યૂમરની વિશેષતા અનુસાર અલગ-અલગ વેક્સિન તૈયાર કરવામાં ઉપયોગી થઈ શકે છે.આ સંશોધનમાં વૈજ્ઞાનિકોએ એમ-૧૩ નામના હાનિકારક ન હોય તેવા બેક્ટેરિયોફેજ (બેક્ટેરિયાને ચેપ લગાડતો વાયરસ)નો ઉપયોગ કર્યો છે. આ વાયરસને ખાસ રીતે મોડિફાય કરીને નેનોફાઈબર એટલે કે અત્યંત સૂક્ષ્મ તંતુના સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યો છે. તેની સપાટી પર કેન્સરના ચોક્કસ પ્રોટીન એટલે કે એન્ટિજન લગાવવામાં આવે છે. આ એન્ટિજન શરીરની રોગપ્રતિકારક શક્તિને કેન્સરના કોષો ઓળખવામાં મદદ કરે છે.સંશોધનની ખાસિયત એ છે કે વૈજ્ઞાનિકો આ નેનોપાર્ટિકલ્સની સપાટી પર કેટલા પ્રમાણમાં એન્ટિજન રાખવા તે નિયંત્રિત કરી શકે છે. આ પ્રયોગ દરમિયાન સંશોધકોએ એન્ટિજનની ઘનતા ૯ ટકાથી ૭૦ ટકા સુધી રાખવામાં સફળતા મેળવી હતી. ઉંદરો પર કરવામાં આવેલા પરીક્ષણમાં ૩૫ ટકા એન્ટિજન ધરાવતી વેક્સિન વધુ અસરકારક સાબિત થઈ હતી. આ વેક્સિન લીધેલા ઉંદરોમાં કેન્સરના કોષો સામે લડતા ટી-સેલ્સની સંખ્યા પણ વધુ જોવા મળી હતી.અન્ય એક પ્રયોગમાં સંશોધકોએ આંતરડાના કેન્સર સાથે સંકળાયેલા છર્ઘેંયણ નામના નીઓએન્ટિજનનો ઉપયોગ કરીને વેક્સિન તૈયાર કરી હતી. આ વેક્સિન મેળવનારા ઉંદરોમાં આંતરડાના ટ્યૂમર વિકસવાની શક્યતા નોંધપાત્ર રીતે ઓછી જોવા મળી હતી.

ભારતીય ઓટો રિક્ષાનું બ્રિટિશ કપલને ઘેલું

ચેન્નાઈથી ખરીદેલી ઓટો હવે લંડનની સડકો પર દોડશે

ભારતમાં ૪,૨૧૮ કિલોમીટરની સફર કરનાર હેલેન અને મિક છ મહિના બાદ ઓટો સાથે લંડન પહોંચ્યા

નવી દિલ્હી, તા.૩

ઘણા વિદેશીઓ ભારત પ્રવાસે આવતાં હોય છે અને અહીંથી પરત ફરતી વખતે તેમની સાથે નાની-મોટી યાદો લઈ જતા હોય છે. પરંતુ આ દરમિયાન એક વિદેશી કપલે જે કર્યું, તેની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે.બ્રિટનના કપલે ભારત પ્રત્યેના પોતાના અનોખા લગાવનું એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ચેન્નાઈથી ખરીદેલી ઓટો રિક્ષા હવે લંડનની સડકો પર દોડાવશે. કપલે ઓટો રિક્ષાને ટિમ્મી નામ આપ્યું છે, તે હવે ભારતમાં ૪,૨૧૮ કિલોમીટરની સફર બાદ લંડન પહોંચી ગઈ છે. કપલે આ લાલ રંગની ઓટો દ્વારા રાજસ્થાન, આગ્રા અને શ્રીલંકા સુધી પ્રવાસ કર્યો હતો. તેઓ તેનાથી એટલા પ્રભાવિત થયા કે દરિયાઈ માર્ગે શિપિંગ કરાવીને તેને પોતાની સાથે યુકે લઈ ગયા હતા. છ મહિનાના શિપિંગ પછી ઓટો રિક્ષા લંડન પહોંચી હતી. આ દંપતીનું નામ હેલેન અને મિક છે. બંનેએ ચેન્નાઈમાં લાલ રંગની એક ઓટો રિક્ષા ખરીદી હતી. જેનું નામ તેમણે ૈદ્વદ્બઅ રાખ્યું. ઓટો પર કાર્ટૂન જેવી આંખો અને સ્માઈલ બનાવેલી છે. ભારતમાં પોતાના પ્રવાસ દરમિયાન આ કપલે ઈન્સ્ટાગ્રામ પર ઓટોનું એક યુઝર આઈડીથી એકાઉન્ટ પણ બનાવ્યું હતું.આ એકાઉન્ટ પર ૧૭ હજારથી વધુ ફોલોઅર્સ છે અને ૧૦૦થી પોસ્ટ કરવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ કપલે ઓટો દ્વારા ભારતમાં કરેલી મુસાફરી સાથે જોડાયેલા વીડિયો પોસ્ટ કર્યા છે. કપલે આ ઓટો દ્વારા ઉત્તર ભારતથી લઈને શ્રીલંકા સુધીના રૂટ પર મુસાફરી કરી હતી. તેઓ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દક્ષિણ ભારતના જુદા જુદા ભાગોમાં આ જ ઓટો લઈને ગયા હતા. તેઓ ઓટો ચલાવીને ગોવાના બીચ સુધી પણ પહોંચ્યા હતા.

લાખણીમાં નકલી દસ્તાવેજોનું મોટું રેકેટ ઝડપાયું

પરીક્ષા વગર ધોરણ-૧૦ની માર્કશીટ અને ડુપ્લિકેટ RC બુક બનાવવાનો પર્દાફાશ

બનાસકાંઠા LCBના બે કમ્પ્યુટર સેન્ટર પર દરોડા; બોગસ ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ પણ બનાવાતાં હોવાનો ખુલાસો

બનાસકાંઠા,તા.૩

બનાસકાંઠા જિલ્લાના લાખણીમાં નકલી દસ્તાવેજો બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાતમીના આધારે બે ખાનગી કમ્પ્યુટર સેન્ટર પર દરોડા પાડ્યા હતા. પોલીસ તપાસમાં અહીં વાહનોની ડુપ્લિકેટ RC બુક, પરીક્ષા આપ્યા વિના ધોરણ-૧૦ની નકલી માર્કશીટ અને તાલીમ વગર ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ તૈયાર કરવામાં આવતાં હોવાની વિગતો સામે આવી છે.પ્રાથમિક તપાસ મુજબ, આરોપીઓ ઓનલાઈન લિંક અને એડિટિંગ સોફટવેરની મદદથી અસલ જેવા દેખાતા દસ્તાવેજો તૈયાર કરતા હતા. ગ્રાહકોની માંગ પ્રમાણે અલગ-અલગ પ્રમાણપત્રો બનાવી આપવામાં આવતાં હોવાની આશંકા છે.આ રેકેટમાં ગુજરાત બોર્ડની ધોરણ-૧૦ની માર્કશીટ પરીક્ષા આપ્યા વિના તૈયાર કરવામાં આવતી હોવાનો આરોપ છે. ઉપરાંત RTOના સત્તાવાર દસ્તાવેજ જેવી દેખાતી ડુપ્લિકેટ RC બુક પણ બનાવવામાં આવતી હતી. આવા દસ્તાવેજોનો ઉપયોગ નોકરી, વાહનોના વ્યવહારો અથવા અન્ય સત્તાવાર પ્રક્રિયાઓમાં થયો છે કે નહીં તેની તપાસ ચાલી રહી છે.દરોડા દરમિયાન કમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર અને અન્ય સાધનો સહિત અંદાજે ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે શામળાભાઈ રબારી, મુકેશભાઈ માજીરાણા અને એક સગીર સહિત ત્રણ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.પોલીસ હવે અત્યાર સુધીમાં કેટલા બોગસ દસ્તાવેજો બનાવવામાં આવ્યા, કેટલા લોકોને આપવામાં આવ્યા અને આ રેકેટમાં અન્ય કોઈ વચેટિયા સામેલ છે કે નહીં તેની તપાસ કરી રહી છે. RTO તથા શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિની ભૂમિકા છે કે નહીં તે પણ તપાસનો વિષય છે.લાખણીમાં ઝડપાયેલા આ કૌભાંડથી સરકારી દસ્તાવેજોની સુરક્ષા અને ડિજિટલ સેવાઓના દુરુપયોગ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

દિલ્હીમાં દિવાળી પહેલાં પ્રદૂષણનો કહેર

AQI 331ને પાર, દિલ્હીના આઠ વિસ્તારોમાં હવા ગંભીર

પ્રદૂષણ વધતાં દિલ્હી-NCR માં GRAP-2 લાગુ, સુપ્રીમ કોર્ટે બે દિવસ ગ્રીન ફટાકડાની મંજૂરી આપી

નવી દિલ્હી, તા.૩

દિવાળીના તહેવાર પહેલાં દિલ્હીમાં હવા પ્રદૂષણની સ્થિતિ વધુ ગંભીર બની છે. મંગળવારે સવારે 7 વાગ્યે દિલ્હીની સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 331 નોંધાયો હતો. જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે. દિલ્હીનાં 8 મોનિટરિંગ સ્ટેશન પર AQI 400ને પાર થતાં હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં પહોંચી હતી. બીજી તરફ, દિલ્હી-NCRમાં પ્રદૂષણને કાબૂમાં લેવા માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના બીજા તબક્કાનાં નિયંત્રણો લાગુ કરવામાં આવ્યાં છે.મંગળવારે સવારે દિલ્હીના અનેક વિસ્તારો ધુમ્મસ અને સ્મોગની ચાદરથી ઢંકાયેલા જોવા મળ્યા હતા. નોઇડા અને ગુરુગ્રામમાં પણ ઊંચી ઇમારતો ધુમ્મસને કારણે દેખાતી નહોતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા અનુસાર, દિલ્હીનાં કુલ 58 મોનિટરિંગ સ્ટેશનમાંથી 8 પર AQI 400થી વધુ નોંધાયો હતો. તેમાં બવાના, પંજાબી બાગ, રોહિણી, વિવેક વિહાર, નરેલા, જહાંગીરપુરી, અલીપુર અને દિલ્હી ટેક્નોલોજિકલ યુનિવર્સિટી નો સમાવેશ થાય છે. દિલ્હીનાં 33 મોનિટરિંગ સ્ટેશન પર હવાની ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' અને 17 સ્ટેશન પર 'ખરાબ' શ્રેણીમાં નોંધાઈ હતી.દિલ્હી-NCRમાં નોઇડાનો સરેરાશ AQI 307 નોંધાયો હતો, જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે. ગુરુગ્રામમાં 284 અને ગાઝિયાબાદમાં 259 AQI નોંધાયો હતો, જે 'ખરાબ' શ્રેણીમાં આવે છે.GRAP-2 હેઠળ કડક પગલાંદિલ્હીમાં હવાની ગુણવત્તા સતત બગડતાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે સોમવારે દિલ્હી-NCRમાં GRAP-2 લાગુ કર્યો હતો. હવામાન વિભાગ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રોપિકલ મેટિરિયોલોજીના અનુમાન મુજબ, આગામી દિવસોમાં પણ હવાની ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહી શકે છે. GRAP-2 હેઠળ ધૂળના પ્રદૂષણને નિયંત્રિત કરવા અને જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવામાં આવશે. તેમાં મશીનથી રસ્તાઓની સફાઈ, પાણીનો છંટકાવ, એન્ટી-સ્મોગ ગનનો ઉપયોગ અને ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડવા પાર્કિંગ ફીમાં વધારો જેવા ઉપાયોનો સમાવેશ થાય છે.દિલ્હીમાં 1 નવેમ્બરથી શિયાળાની પ્રદૂષણ નિયંત્રણ ઝુંબેશ પણ શરૂ થઈ છે, જે 28 ફેબ્રુઆરી સુધી વિવિધ પગલાં સાથે ચાલુ રહેશે. વાહનોના પ્રદૂષણ, રસ્તાની ધૂળ અને ટ્રાફિકની સમસ્યા પર નિયંત્રણ માટે ચેકિંગ વધારવામાં આવ્યું છે. વાહનોના પ્રવેશદ્વારો સહિતના મહત્ત્વના સ્થળોએ ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન કેમેરાની મદદથી નિયમોના ઉલ્લંઘન પર નજર રાખવામાં આવશે.દિલ્હી-NCRમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે દિવાળી પહેલાં 7 અને 8 નવેમ્બરે ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. આ મંજૂરી સવારે 6થી 7 વાગ્યા અને રાત્રે 8થી 10 વાગ્યા સુધીના સમય માટે આપવામાં આવી છે. 9 નવેમ્બરથી ફટાકડા પરનો સંપૂર્ણ પ્રતિબંધ ફરી લાગુ થશે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચે સ્પષ્ટ કર્યુ હતું કે ફટાકડા ફોડવાથી પ્રદૂષણ થાય છે અને ધાર્મિક પ્રથાઓ પણ બંધારણીય મર્યાદાઓને આધીન છે. કોર્ટે હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્ર, વૃદ્ધાશ્રમ, શૈક્ષણિક સંસ્થાઓ અને સૂચિત શાંતિ ક્ષેત્રોના 300 મીટરની અંદર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે. માત્ર CSIR-NEERI દ્વારા મંજૂર અને PESO દ્વારા પ્રમાણિત ગ્રીન ફટાકડા જ વેચી અને ફોડી શકાશે. તેના ઉત્પાદન માટે 2થી 6 નવેમ્બરનો સમય નક્કી કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટની વિરોધ પ્રદર્શન કરનારાઓને સ્પષ્ટ ચેતવણી

આંદોલનના નામે કોઈ જગ્યા પર કાયમી કબજો ન કરી શકાય

વિરોધ કરવાનો અધિકાર અન્ય નાગરિકોના અધિકારો કરતાં મોટો ન હોઈ શકે; નિર્ધારિત સમયમર્યાદામાં જ પ્રદર્શનની મંજૂરી આપવા સૂચન

નવી દિલ્હી,તા.૩

દેશમાં વિરોધ પ્રદર્શન અને આંદોલનોને લઈને સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે વિરોધ કરવાનો અધિકાર દરેક નાગરિકને છે, પરંતુ તેના નામે કોઈ એક જૂથ જાહેર સ્થળ પર અનિશ્ચિત સમય સુધી કબજો જમાવી શકે નહીં. વિરોધ પ્રદર્શનના અધિકાર અને સામાન્ય નાગરિકોના અધિકારો વચ્ચે સંતુલન જળવાવું જરૂરી છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસર અંગે દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ટિપ્પણી કરી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે કોઈ પણ સંગઠન કે જૂથને નિર્ધારિત વિરોધ સ્થળ પર કાયમી કબજો કરવાનો અધિકાર નથી. ખેડૂતો, પત્રકારો અને અન્ય સંગઠનોને પણ વિરોધ કરવાનો અધિકાર છે. તેથી એક જૂથને અનિશ્ચિત સમય સુધી એક જ સ્થળે વિરોધ કરવાની મંજૂરી આપી શકાય નહીં.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શન માટે નિર્ધારિત સમયગાળો હોવો જોઈએ. પ્રદર્શનને મંજૂરી આપતા અથવા નકારતા સત્તાધિકારીઓએ પોતાના નિર્ણય પાછળનાં કારણો પણ સ્પષ્ટ કરવાં જોઈએ. કોઈ એક સંગઠન વિરોધ કરી રહ્યું હોય તો અન્ય સંગઠનોને ત્યાં વિરોધ કરતાં રોકી શકાય નહીં. સુપ્રીમ કોર્ટમાં વેપારી સંગઠનો દ્વારા દાખલ અરજીઓમાં વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. વેપારીઓના વકીલે રજૂઆત કરી હતી કે વિરોધ સ્થળની આસપાસના વિસ્તારોમાં અંદાજે ૫૦ લાખ લોકો વસે છે.

તેમના જણાવ્યા અનુસાર, દેખાવોને કારણે આસપાસની દુકાનો બંધ રાખવાની સ્થિતિ સર્જાય છે અને કનોટ પ્લેસ જેવા વ્યસ્ત વ્યાપારી વિસ્તારમાં પણ ખરીદી માટે લોકોની અવરજવર ઘટી જાય છે. આ ઉપરાંત પોલીસ દ્વારા કથિત બળપ્રયોગ, મોટા પાયે અટકાયત, મેટ્રો સ્ટેશન બંધ કરવા અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના મુદ્દાઓ પણ અરજીઓમાં ઉઠાવવામાં આવ્યા હતા.

દિવાળીના તહેવારો દરમિયાન વિરોધ પ્રદર્શન રોકવાની માગ સાથે દિલ્હી કિરાના કમિટી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને સંબંધિત સત્તાવાળાઓને નોટિસ પાઠવી હતી.

જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે વિરોધ પ્રદર્શનો સાથે સંકળાયેલા સંગઠનોને કેસમાં પક્ષકાર બનાવ્યા વિના વેપારીઓની ફરિયાદો અંગે અંતિમ નિર્ણય લઈ શકાય નહીં. વેપારી સંગઠનોને મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધના વિરોધ પ્રદર્શનના આયોજકોને પણ કેસમાં પક્ષકાર બનાવવા સૂચના આપવામાં આવી હતી. આ સુનાવણી એવા સમયે થઈ રહી છે જ્યારે કેન્દ્ર સરકારે થોડા દિવસ પહેલાં જ જંતર-મંતરને નિર્ધારિત વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કર્યું હતું. તેના વિકલ્પ તરીકે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને CBD ગ્રાઉન્ડને વિરોધ પ્રદર્શન માટેનાં સ્થળ તરીકે ઓળખવામાં આવ્યાં છે.

સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીથી ફરી એકવાર જાહેર સ્થળો પર વિરોધ પ્રદર્શન કરવાની મર્યાદા, સામાન્ય નાગરિકોની સુવિધા અને લોકશાહી અધિકારો વચ્ચે સંતુલન જાળવવાની ચર્ચા શરૂ થઈ છે.

હાઈકોર્ટનો સરકારને ૧૫ દિવસમાં રિપોર્ટનો આદેશ

કાન્હા ટાઇગર રિઝર્વમાં વાઘ માટે જીવલેણ બન્યો CDV વાયરસ

હાઈકોર્ટે છેલ્લા ૧૦ વર્ષમાં વન્યજીવ સંરક્ષણ માટે ફાળવાયેલા બજેટ અને તેના ઉપયોગની વિગતો પણ માગી છે

ભોપાલ,તા.૩

મધ્યપ્રદેશના કાન્હા ટાઈગર રિઝર્વમાં વાઘોનાં સતત મોતને પગલે વન્યજીવ સંરક્ષણ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (CDV)ના સંક્રમણની આશંકા વચ્ચે મધ્યપ્રદેશ હાઈકોર્ટે રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો છે. સરકારી આંકડા મુજબ એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ૧૧ વાઘનાં મોત થયાં છે, જેમાંથી ૮નાં મોત પાછળ CDV સંક્રમણ જવાબદાર હોવાનું નોંધાયું છે.

મુંબઈના વકીલ સુબિત ચક્રવર્તીએ દાખલ કરેલી જનહિતની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વાયરસને કારણે આશરે ૨૦ વાઘનાં મોત થયાં છે. સરકારી આંકડા અને અરજીના દાવા વચ્ચેના તફાવત અંગે કોર્ટે સ્પષ્ટતા માગી છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં થયેલાં મોતનાં કારણો સહિતની વિગતો ૧૫ દિવસમાં રજૂ કરવા આદેશ અપાયો છે. આગામી સુનાવણી ૧૬ નવેમ્બરે થશે.

CDV વાયરસ મુખ્યત્વે શ્વાનોમાં ફેલાતો ચેપી રોગ છે, પરંતુ વાઘ સહિત અન્ય વન્યજીવોને પણ સંક્રમિત કરી શકે છે. સંક્રમણથી શ્વાસ અને પાચનતંત્રની સમસ્યાઓ ઉપરાંત નર્વસ સિસ્ટમને પણ ગંભીર નુકસાન થઈ શકે છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને રિઝર્વ આસપાસના વિસ્તારોમાં આશરે ૨,૭૦૦ રખડતા શ્વાનોને વેક્સિનનો બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યો છે. આ વર્ષે એપ્રિલમાં અમાયની નામની વાઘણ અને તેનાં ચાર બચ્ચાંનાં મોતથી ચિંતા વધી હતી. ત્યારબાદ પણ અન્ય વાઘોનાં મોત નોંધાયાં છે. આ ઘટનાઓથી રિઝર્વમાં સંક્રમણની સ્થિતિ અંગે પ્રશ્નો ઊભા થયા છે.

હાઈકોર્ટે છેલ્લા ૧૦ વર્ષમાં વન્યજીવ સંરક્ષણ માટે ફાળવાયેલા બજેટ અને તેના ઉપયોગની વિગતો પણ માગી છે. હવે સરકારના રિપોર્ટ અને ૧૬ નવેમ્બરની સુનાવણી પર નજર રહેશે. વાઘોની સુરક્ષા માટે સંક્રમણના સ્રોતની ઓળખ, નિયમિત દેખરેખ અને અસરકારક સંરક્ષણ વ્યવસ્થા નિર્ણાયક બનશે.

સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી, કહ્યું - વિમાનમાં મુસાફરી ન કરો

દિવાળીમાં ફ્લાઇટ ટિકિટના ભાવમાં ૭૦૦% સુધીનો ઉછાળો

આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાની અરજદારની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી

નવી દિલ્હી,તા.૩

દિવાળીના તહેવાર દરમિયાન હવાઈ મુસાફરી કરવાનું આયોજન કરતા મુસાફરો માટે ફ્લાઈટ ટિકિટના આસમાને પહોંચેલા ભાવ ચિંતાનો વિષય બન્યા છે. ખાનગી એરલાઈન્સ દ્વારા તહેવારો દરમિયાન ટિકિટના ભાવમાં સામાન્ય ભાડાની સરખામણીએ ૭૦૦ ટકા સુધીનો વધારો કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી હતી. જોકે, આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાની અરજદારની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.

સુનાવણી દરમિયાન જસ્ટિસ વિક્રમ નાથે ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, 'વિમાનમાં મુસાફરી ન કરો.' આ ટિપ્પણી બાદ બેન્ચે આગામી કેસ હાથ ધર્યો હતો. આ ઘટનાએ તહેવારો દરમિયાન હવાઈ ભાડાંના નિયંત્રણ અને સામાન્ય મુસાફરોના હિત અંગે નવી ચર્ચા જગાવી છે.અરજદારે પોતાની અરજીમાં દલીલ કરી હતી કે દિવાળી, અન્ય તહેવારો, રજાઓ અને કટોકટીના સમયમાં ખાનગી એરલાઈન્સ દ્વારા ટિકિટના ભાવમાં અસાધારણ વધારો કરવામાં આવે છે. સામાન્ય મુસાફરો માટે હવાઈ મુસાફરી મોંઘી બનતી હોવાથી ભાડા પર યોગ્ય મર્યાદા નક્કી કરવાની જરૂરિયાત છે.

અરજીમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે હવાઈ મુસાફરી આવશ્યક સેવા બની રહી છે અને મનસ્વી ભાડા વધારો ભારતીય બંધારણની કલમ ૧૪ હેઠળ મળતા સમાનતાના અધિકારને અસર કરી શકે છે. આ મામલે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને અગાઉ જણાવ્યું હતું કે ભારતીય વાયુયાન અધિનિયમ, ૨૦૨૪ હેઠળ હવાઈ ભાડાના નિયમન માટે નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા છે અને તેને વહીવટી મંજૂરી મળી ગઈ છે. પ્રસ્તાવિત નિયમો હેઠળ અસાધારણ પરિસ્થિતિઓમાં અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારને એરલાઈન્સના ટિકિટ ભાડામાં હસ્તક્ષેપ કરવાની સત્તા મળી શકે છે. જો આ નિયમો અસરકારક રીતે અમલમાં આવે તો તહેવારો દરમિયાન થતી અતિશય ભાડા વધારાની સમસ્યાને નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે. હવાઈ ભાડાંમાં વધારા પાછળ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ઊંચા ભાવ પણ એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે. વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલના પુરવઠા અને ભાવમાં અસ્થિરતા જોવા મળી રહી છે.

એરલાઈન્સના કુલ ઓપરેટિંગ ખર્ચમાં ઈંધણનો હિસ્સો અંદાજે ૩૨ ટકા જેટલો હોય છે. તેથી ક્રૂડ ઓઈલ અને ATFના ભાવ વધે ત્યારે એરલાઈન્સના ખર્ચમાં પણ વધારો થાય છે.

ઈન્ડિગોના CEO વિલી વોલ્શે જણાવ્યું છે કે ATFના ઊંચા ભાવને કારણે એરલાઈન્સ પર નાણાકીય દબાણ વધી રહ્યું છે. કંપની વધતા ખર્ચનો કેટલોક હિસ્સો પોતે સહન કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ લાંબા સમય સુધી આ શક્ય બની શકે તેમ નથી.

હવે ૧૬ નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં થનારી આગામી સુનાવણી મહત્ત્વપૂર્ણ બની રહેશે. કેન્દ્ર સરકાર નવા નિયમો રજૂ કરે ત્યારબાદ હવાઈ ભાડાં પર નિયંત્રણ માટે કયા પ્રકારનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે તે સ્પષ્ટ થશે.

દવાઓની આયાત હવે વધુ સરળ બનશે

કેન્દ્ર સરકારે દવાઓ, મેડિકલ ડિવાઇસ અને કોસ્મેટિક્સની આયાત માટે પ્રવેશ મથકોનું નેટવર્ક વિસ્તાર્યું

ખાસ કરીને કચ્છ અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત કંપનીઓને માલની હેરફેર માટે વધુ વિકલ્પો મળશે

નવી દિલ્હી,તા.૩

દેશમાં દવાઓ, મેડિકલ ડિવાઈસ અને કોસ્મેટિક્સની આયાત પ્રક્રિયાને સરળ બનાવવા માટે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે આયાત માટે અધિકૃત પ્રવેશ મથકોનું નેટવર્ક વિસ્તાર્યું છે. તેમાં ગુજરાતના મુન્દ્રા અને ગાંધીધામ સહિત દેશનાં અનેક નવા ઈનલેન્ડ કન્ટેનર ડેપો (ICD)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રાલયે ડ્રગ્સ નિયમો, ૧૯૪૫ના નિયોમ 43Aમાં સુધારો કરવાની પહેલ કરી છે. તેનો હેતુ આયાતકારોને વધુ સ્થળોએ કસ્ટમ્સ ક્લિયરન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે. અત્યાર સુધી નિર્ધારિત બંદરો અને એરપોર્ટ પર નિર્ભર રહેવું પડતું હતું. નવા વિસ્તરણથી આ પ્રક્રિયા વધુ સુવિધાજનક બની શકે છે.

ગુજરાતના મુન્દ્રા અને ગાંધીધામ ICDને નવા અધિકૃત પ્રવેશ મથકોમાં સામેલ કરવાથી રાજ્યના આયાતકારો, ફાર્મા કંપનીઓ અને મેડિકલ ડિવાઈસ ક્ષેત્રના વેપારીઓને ફાયદો થઈ શકે છે. ખાસ કરીને કચ્છ અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત કંપનીઓને માલની હેરફેર માટે વધુ વિકલ્પો મળશે.આ વિસ્તરણમાં હરિયાણાના સોનેપત, પ્યાલા અને હરસારુ, ઉત્તર પ્રદેશના દાદરી અને નોઇડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, તેલંગાણાના સનથ નગર અને થિમ્માપુર તથા કર્ણાટકના વ્હાઈટફિલ્ડ અને બોમ્માસન્દ્રાનો સમાવેશ થાય છે.

નવા પ્રવેશ મથકોને કારણે લાંબા અંતરના પરિવહન અને વધારાના હેન્ડલિંગ ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. વાઓ અને આરોગ્યસંભાળનાં ઉત્પાદનો સમયસર પહોંચાડવામાં પણ મદદ મળશે. જોકે, આયાત પ્રક્રિયા સરળ બનવા છતાં ગુણવત્તા અને સુરક્ષાના નિયમોનું પાલન ફરજિયાત રહેશે.

ક્રિકેટના 'બિગ શો'નો પડદો પડ્યો

ગ્લેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહ્યું અલવિદા

તેઓ ફ્રેન્ચાઇઝ T20 ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે અને આગામી બિગ બેશ લીગમાં મેલબર્ન સ્ટાર્સ તરફથી રમતા જોવા મળશે

સિડની,તા.૩

વિશ્વ ક્રિકેટમાં પોતાની આક્રમક બેટિંગ, અણધાર્યા શોટ્સ અને મુશ્કેલ પરિસ્થિતિમાં મેચનું પાસું પલટી નાખવાની ક્ષમતા માટે જાણીતા ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. ૩૮ વર્ષીય મેક્સવેલના આ નિર્ણય સાથે ઓસ્ટ્રેલિયા માટેની તેમની ૧૪ વર્ષની યાદગાર આંતરરાષ્ટ્રીય સફરનો અંત આવ્યો છે. જોકે, તેઓ ફ્રેન્ચાઈઝ T20 ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે અને આગામી બિગ બેશ લીગમાં મેલબર્ન સ્ટાર્સ તરફથી રમતા જોવા મળશે. મેક્સવેલની કારકિર્દીની સૌથી યાદગાર ક્ષણ ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપમાં જોવા મળી હતી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં અફઘાનિસ્તાન સામે ૨૯૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે ઓસ્ટ્રેલિયાની ટીમ ૯૧ રનમાં સાત વિકેટ ગુમાવીને મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

આ સમયે મેક્સવેલે અસહ્ય ક્રેમ્પ્સ અને શારીરિક પીડા વચ્ચે અદભુત સંઘર્ષ કર્યો હતો. તેમણે ૧૨૮ બોલમાં અણનમ ૨૦૧ રન ફટકાર્યા હતા, જેમાં ૨૧ ચોગ્ગા અને ૧૦ છગ્ગાનો સમાવેશ થતો હતો. પેટ કમિન્સ સાથે આઠમી વિકેટ માટે અણનમ ૨૦૨ રનની ભાગીદારી કરીને તેમણે ઓસ્ટ્રેલિયાને અશક્ય લાગતી જીત અપાવી હતી. આ ઈનિંગ્સને વનડે વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી યાદગાર ઈનિંગ્સમાં સ્થાન મળ્યું છે.

ICC+2

ત્રણ વર્લ્ડ કપ વિજયમાં મહત્વનું યોગદાન

મેક્સવેલ ઓસ્ટ્રેલિયાની ત્રણ વર્લ્ડ કપ વિજેતા ટીમનો હિસ્સો રહ્યા હતા.

- ૨૦૧૫: વનડે વર્લ્ડ કપ વિજય
- ૨૦૨૧: ૨૦ વર્લ્ડ કપ વિજય
- ૨૦૨૩: વનડે વર્લ્ડ કપ વિજય તેમની આક્રમક બેટિંગ ઉપરાંત ઓફ-સ્પિન બોલિંગ અને શાનદાર ફિલ્ડિંગે પણ ટીમને અનેક વખત ફાયદો પહોંચાડ્યો હતો. ખાસ કરીને મર્યાદિત ઓવરના ક્રિકેટમાં તેઓ ઓસ્ટ્રેલિયા માટે એક્સ-ફેક્ટર ખેલાડી સાબિત થયા હતા.

ICC+1

આંતરરાષ્ટ્રીય કારકિર્દીના આંકડા

મેક્સવેલે ઓસ્ટ્રેલિયા માટે કુલ ૨૮૬ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમાં ૭ ટેસ્ટ, ૧૪૯ વનડે અને ૧૩૦ T20 આંતરરાષ્ટ્રીય મેચોનો સમાવેશ થાય છે.

ફોર્મેટ	મેચ	રન
ટેસ્ટ	૭	૩૩૯
વનડે	૧૪૯	૩,૯૯૦
T20I	૧૩૦	૨,૮૯૭

તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૧૩૬ વિકેટ પણ ઝડપી હતી. T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાંચ સદી ફટકારવાનો રેકોર્ડ પણ તેમના નામે છે, જે ભારતના રોહિત શર્મા સાથે સંયુક્ત રીતે તેમની પાસે છે.

ICC+2

પહેલા વનડેમાંથી નિવૃત્તિ, હવે આંતરરાષ્ટ્રીય સફરનો સંપૂર્ણ અંત

મેક્સવેલે જૂન ૨૦૨૫માં વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી, પરંતુ ત્યારબાદ પણ તેઓ ઓસ્ટ્રેલિયાની T20 ટીમ માટે ઉપલબ્ધ રહ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૬માં ઓમાન સામે રમાયેલી T20 વર્લ્ડ કપની મેચ તેમની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ બની હતી.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની આગામી T20 શ્રેણી માટેની ટીમમાં સ્થાન ન મળ્યા બાદ તેમણે નિવૃત્તિનો નિર્ણય જાહેર કર્યો હતો. તેમણે પોતાની ફિટનેસ અને શરીરની સ્થિતિને ધ્યાનમાં રાખીને બાકીની કારકિર્દી માટે વધુ સમય આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

ABC News+2

ફ્રેન્ચાઈઝ ક્રિકેટમાં ચાલુ રહેશે 'બિગ શો'

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વિદાય લીધા બાદ પણ મેક્સવેલ ક્રિકેટથી સંપૂર્ણપણે દૂર થવાના નથી. તેઓ મેલબર્ન સ્ટાર્સ સહિતની ફ્રેન્ચાઈઝ T20 લીગમાં રમવાનું ચાલુ રાખશે. તેમની વિસ્ફોટક બેટિંગ અને અનુભવી ઓલરાઉન્ડર તરીકેની ભૂમિકા આગામી સિઝનમાં પણ ચાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

ABC News+1

ક્રિકેટ જગત માટે એક યાદગાર અધ્યાયનો અંત ગ્લેન મેક્સવેલની નિવૃત્તિ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે. તેમણે પરંપરાગત બેટિંગની સીમાઓ તોડીને પોતાની અલગ ઓળખ બનાવી હતી. મુશ્કેલ પરિસ્થિતિમાં પણ જીતની આશા જીવંત રાખવાની તેમની ક્ષમતા અને ૨૦૨૩ની અફઘાનિસ્તાન સામેની ઐતિહાસિક ઈનિંગ્સ ક્રિકેટ ચાહકોના મનમાં લાંબા સમય સુધી જીવંત રહેશે. 'બિગ શો' હવે આંતરરાષ્ટ્રીય મેદાન પર જોવા નહીં મળે, પરંતુ ફ્રેન્ચાઈઝ ક્રિકેટમાં તેમનો જાદુ ચાલુ રહેવાની આશા છે.

ગુજરાતના નાવિકનું મોત, ૧૩ ભારતીયોનો આબાદ બચાવ

ઓમાનના દરિયામાં ભારતીય જહાજ પર હુમલો

ગંધારના નહીમ અઝીઝે ગુમાવ્યો જીવ; ઓમાન કોસ્ટ ગાર્ડે હાથ ધર્યું રેસ્ક્યૂ ઓપરેશન

નવી દિલ્હી,તા.૩

ઓમાનના દરિયાકિનારે ભારતીય માલવાહક જહાજ પર થયેલા હવાઈ હુમલાએ ભારતીય નાવિકોની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઊભી કરી છે. MSV અલ યુસુફી નામના જહાજને નિશાન બનાવવામાં આવતાં તેના પર સવાર ૧૪ ભારતીય નાવિકો જોખમમાં મુકાયા હતા. આ દુર્ઘટનામાં ગુજરાતના ગંધારના રહેવાસી નહીમ અઝીઝનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું છે, જ્યારે અન્ય ૧૩ નાવિકોને ઓમાન કોસ્ટ ગાર્ડ દ્વારા સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

આ ઘટનાને પગલે ભારત સરકારના શિપિંગ મંત્રાલય અને વિદેશ મંત્રાલયે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સરબાનંદ સોનોવાલે નાવિકના નિધન પર ઊંડું દુઃખ વ્યક્ત કરીને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.હુમલા બાદ જહાજ પર ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. ઓમાન કોસ્ટ ગાર્ડે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને જહાજમાં ફસાયેલા ૧૩ ભારતીય નાવિકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જોકે, ગુજરાતના નહીમ અઝીઝને ગંભીર ઈજાઓ થતાં તેમનો જીવ બચાવી શકાયો નહોતો.

ભારતીય વિદેશ મંત્રાલય અને ઓમાનમાં સ્થિત ભારતીય દૂતાવાસ સ્થાનિક વહીવટી તંત્રના સતત સંપર્કમાં છે. બચી ગયેલા નાવિકોને જરૂરી તબીબી અને અન્ય સહાય પૂરી પાડવાની સાથે મૃતક નાવિકના પાર્થિવ દેહને ભારત પરત લાવવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને દરિયાઈ માર્ગો પર વધતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય વેપારી જહાજોની સુરક્ષા સામે અનેક પડકારો ઊભા થયા છે. ખાસ કરીને ઓમાનનો દરિયાકિનારો અને હોર્મુઝની સામુદ્રધુની વૈશ્વિક વેપાર તથા ઊર્જા પરિવહન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તાજેતરના મહિનાઓમાં આ વિસ્તારમાં ભારતીય નાવિકો સાથે સંકળાયેલા અનેક દરિયાઈ સુરક્ષા બનાવો સામે આવ્યા છે. વેપારી જહાજો પર થતા હુમલાઓને કારણે નાવિકો અને તેમના પરિવારોમાં ચિંતા વધી રહી છે. આ પ્રકારની ઘટનાઓ આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈન, દરિયાઈ પરિવહન અને વેપારની સુરક્ષા માટે પણ પડકારરૂપ બની શકે છે.ભારત સરકારે આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં વેપારી જહાજો અને નાગરિક નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ભારતનું વલણ સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં મુક્ત અને સુરક્ષિત અવરજવરને કોઈપણ રીતે અવરોધવો જોઈએ નહીં.

ગુજરાતના નાવિક નહીમ અઝીઝના નિધનથી તેમના પરિવાર અને સમગ્ર રાજ્યમાં શોકની લાગણી ફેલાઈ છે. ૧૩ નાવિકોનો બચાવ થયો હોવા છતાં આ ઘટનાએ વિદેશી દરિયાઈ માર્ગો પર ફરજ બજાવતા ભારતીય કર્મચારીઓની સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે.

ભારતીય સત્તાવાળાઓ દ્વારા બચેલા નાવિકોને સુરક્ષિત રીતે ભારત પરત લાવવા અને મૃતકના પાર્થિવ દેહને પરિવાર સુધી પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હુમલા પાછળનું ચોક્કસ કારણ અને જવાબદાર તત્વો અંગે વધુ સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે. આ ઘટના માત્ર એક જહાજ પરનો હુમલો નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારમાં કામ કરતા હજારો ભારતીય નાવિકોની સુરક્ષા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે.

બાગેશ્વર બાબાના નિવેદનથી દેશભરમાં વિવાદ

ભગવાન રામ અને શ્રીકૃષ્ણ અંગેની ટિપ્પણીથી રાજકીય ગરમાવો

પપ્પુ યાદવ પોલીસ ફરિયાદ કરવા પહોંચ્યા, તેજસ્વી, મહુઆ મોઇત્રા અને ભૂપેશ બઘેલે પણ સાધ્યું નિશાન

મધ્યપ્રદેશ,તા.૩

બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ઉર્ફે બાગેશ્વર બાબાના એક નિવેદનને લઈને દેશભરમાં રાજકીય અને ધાર્મિક વિવાદ ઊભો થયો છે. મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લામાં યોજાયેલી શ્રીરામ કથા દરમિયાન ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ અંગે કરવામાં આવેલી ટિપ્પણીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ અને સંત સમાજે વિરોધ નોંધાવ્યો છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે તો બાગેશ્વર બાબાના કાર્યક્રમો પર આજીવન પ્રતિબંધ મૂકવાની અને કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ૨૯ ઓક્ટોબરે મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાના કરેરામાં યોજાયેલી શ્રીરામ કથા દરમિયાન થઈ હતી. કથા દરમિયાન ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણની સરખામણી કરતાં કહ્યું હતું કે અયોધ્યા અને ભગવાન શ્રીરામ સીધા છે, જ્યારે વૃંદાવન અને ભગવાન શ્રીકૃષ્ણ વાંકા છે. આ સાથે તેમણે વાંસળી વગાડવા અને ધનુષ ચલાવવાના સંદર્ભમાં પણ સરખામણી કરી હતી. આ નિવેદનનો વીડિયો વાયરલ થતાં બ્રજ વિસ્તારના સંતો અને યાદવ સમાજના કેટલાક લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. વિરોધ કરનારાઓનું કહેવું છે કે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ બંને સનાતન પરંપરામાં પૂજનીય છે અને તેમની વચ્ચે આવી સરખામણી કરવાથી ધાર્મિક લાગણીઓ દુભાઈ શકે છે.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આ નિવેદન સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે માનવીય ભૂલો માટે માફી આપી શકાય, પરંતુ ઈશ્વરની નિંદા માટે નહીં. અખિલેશે માગ કરી છે કે ધીરેન્દ્ર શાસ્ત્રીના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવે, ભવિષ્યમાં નવા કાર્યક્રમોની મંજૂરી ન આપવામાં આવે અને તેમના જાહેર કાર્યક્રમો પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવે. તેમણે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માગ કરી છે.

અખિલેશના મતે, પૂજનીય અવતારો વચ્ચે નકારાત્મક સરખામણી કરીને સમાજમાં વિભાજન ઊભું કરવાનો પ્રયાસ યોગ્ય નથી. તેમણે આ સમગ્ર મામલે ઊંડી તપાસ કરવાની પણ માગ કરી છે. સાંસદ પપ્પુ યાદવે પણ બાગેશ્વર બાબાના નિવેદન સામે વિરોધ નોંધાવ્યો છે. તેઓ આ મામલે ફરિયાદ નોંધાવવા માટે સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણનું અપમાન કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. તેમણે સવાલ ઉઠાવ્યો કે સત્તાનું સમર્થન ધરાવતા કથાકાર સામે પણ કાયદો સમાન રીતે લાગુ પડવો જોઈએ.

આરજેડી નેતા તેજસ્વી યાદવે પણ ધીરેન્દ્ર શાસ્ત્રીની ટિપ્પણીની ટીકા કરી હતી. તેમણે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણને એકબીજાના પૂરક ગણાવતાં કહ્યું કે પહેલાં આ લોકો માણસોમાં ભાગલા પાડતા હતા અને હવે ભગવાનને પણ વહેંચવા લાગ્યા છે. તૃણમૂલ કોંગ્રેસનાં સાંસદ મહુઆ મોઈત્રાએ ભાજપની ચુપકીદી પર સવાલ કર્યા હતા. જ્યારે કોંગ્રેસના નેતા અને છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કટાક્ષ કરતાં પૂછ્યું હતું કે હિંદુ ધર્મના ઠેકેદારો હવે ક્યાં છે?

બાગેશ્વર બાબાના નિવેદન બાદ બ્રજ વિસ્તારના સંતો અને યાદવ સમાજના કેટલાક સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો. કેટલાક સ્થળોએ પ્રદર્શન કરવામાં આવ્યાં હતાં અને પૂતળાંનું દહન પણ કરાયું હતું. આ રીતે ધાર્મિક મુદ્દો હવે રાજકીય ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

વિવાદ વધતાં ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ વીડિયો જાહેર કરીને પોતાની ટિપ્પણી અંગે સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું કે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ વચ્ચે ભેદ ઊભો કરવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો. તેમણે પોતાની વાતને ભાવના અને વિનોદના સંદર્ભમાં રજૂ કરી હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે લોકો આખો વીડિયો જોયા વિના તેના એક ભાગના આધારે અર્થઘટન કરી રહ્યા છે. તેમ છતાં, તેમની વાતથી કોઈની ધાર્મિક લાગણી દુભાઈ હોય તો તેમણે માફી માગી હતી.

જોકે, માફી બાદ પણ રાજકીય વિરોધ અને આજીવન પ્રતિબંધની માગને કારણે વિવાદ શાંત થયો નથી. હવે આ મામલે પોલીસ ફરિયાદ અને આગળની કાયદેસરની કાર્યવાહી શું વળાંક લે છે તેના પર સૌની નજર રહેશે. આ વિવાદે ફરી એકવાર ધાર્મિક પ્રવચનોમાં જાહેર નિવેદનોની જવાબદારી અને રાજકીય પક્ષોની પ્રતિક્રિયાઓ અંગે ચર્ચા જગાવી છે. સોશિયલ મીડિયા પર વીડિયોનો એક ભાગ ઝડપથી વાયરલ થતો હોવાથી નિવેદનના સંપૂર્ણ સંદર્ભને સમજવો પણ એટલો જ જરૂરી છે. આગામી દિવસોમાં બાગેશ્વર બાબા તરફથી વધુ સ્પષ્ટતા અથવા પોલીસ કાર્યવાહી થાય છે કે નહીં તે આ વિવાદની દિશા નક્કી કરશે.

બાંગ્લાદેશમાં ફરી સત્તા પલટાની તૈયારી?

૫૦ લાખ મજૂરોના આંદોલનથી તારિક રહેમાન સરકારમાં ફફડાટ!

ગાઝીપુર, મીરપુર અને અશુલિયા સહિત ઢાકાની આસપાસના વિસ્તારોમાં કાપડ કામદારો પગાર વધારાની માંગ સાથે વિરોધ કરી રહ્યા છે

ઢાકા,તા.૩

બાંગ્લાદેશમાં રાજકીય ગરમાવો ફરી વધવાના સંકેતો મળી રહ્યા છે. કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા આશરે ૫૦ લાખ કામદારોના વિરોધ પ્રદર્શન વચ્ચે પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની પાર્ટી અવામી લીગ સક્રિય થઈ હોવાનો અહેવાલ સામે આવ્યો છે. આ ઘટનાને પગલે તારિક રહેમાન સરકારની ચિંતા વધી હોવાનું કહેવાય છે.

બાંગ્લાદેશી અખબાર 'નવા દિગંતા'ના અહેવાલ મુજબ, અવામી લીગના કેટલાક નેતાઓ કાપડ કામદારોનો સંપર્ક કરી રહ્યા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે મજૂરોના આંદોલનને સરકાર વિરોધી પ્રદર્શનમાં ફેરવવાની યોજના છે. ગાઝીપુર, મીરપુર અને અશુલિયા સહિત ઢાકાની આસપાસના વિસ્તારોમાં કાપડ કામદારો પગાર વધારાની માંગ સાથે વિરોધ કરી રહ્યા છે. કામદારોની મુખ્ય માંગ લઘુત્તમ માસિક પગાર વધારીને ૩૦ હજાર બાંગ્લાદેશી ટાકા કરવાની છે. બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગમાં આશરે ૫૦ લાખ કામદારો કાર્યરત હોવાનું જણાવવામાં આવે છે. તાજેતરમાં ગાઝીપુરમાં થયેલા હિંસક વિરોધ બાદ સ્થિતિ વધુ સંવેદનશીલ બની છે.

અહેવાલ અનુસાર, ગૃહમંત્રી ચૌધરી સલાહુદ્દીને સ્પષ્ટ કર્યું છે કે સરકાર કોઈપણ પ્રકારની અસ્થિરતાની યોજનાને સફળ થવા દેશે નહીં. જોકે, અવામી લીગ દ્વારા મજૂર આંદોલનને રાજકીય સ્વરૂપ આપવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના દાવાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

જુલાઈ ૨૦૨૪ના વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાએ સત્તા ગુમાવી હતી અને બાંગ્લાદેશ છોડીને ભારત આવવું પડ્યું હતું. ત્યારથી તેઓ દિલ્હીમાં રહે છે. તેમણે બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. હાલમાં તેમની સામે અનેક કાનૂની કેસ છે અને તેમને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હોવાનો પણ અહેવાલ છે. આવી સ્થિતિમાં મજૂર આંદોલનને કારણે બાંગ્લાદેશનું રાજકારણ ફરી ગરમાય તેવી શક્યતા છે. જોકે, આ આંદોલન શેખ હસીનાની સત્તામાં વાપસીનો માર્ગ બની શકે છે કે નહીં, તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

ગુમ થયેલા બે યુવકોના મૃતદેહો પહાડી વિસ્તારમાંથી મળ્યા

મણિપુરમાં બે કુકી યુવકોની ઘાતકી હત્યાથી ભડકો

૨૧ અને ૨૦ વર્ષના યુવકોના ક્ષતવિક્ષત મૃતદેહો મળતાં કુકી સમુદાયમાં ભારે આક્રોશ, રસ્તાઓ પર આગચંપી અને પથ્થરમારો

મણિપુર,તા.૩

મણિપુરમાં લાંબા સમયથી ચાલી રહેલી જાતીય હિંસા વચ્ચે બે કુકી યુવકોની ઘાતકી હત્યાની ઘટનાએ ફરી રાજ્યમાં તણાવ વધારી દીધો છે. કાંગપોકપી જિલ્લામાં રહેતા ટી. ચોંગલોઈ (૨૧) અને પાઓગિનલાલ હેંગશિંગ (૨૦)ના ક્ષતવિક્ષત મૃતદેહો પડોશી સેનાપતિ જિલ્લાના પહાડી વિસ્તારમાંથી મળી આવ્યા હતા. આ ઘટનાથી કુકી સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે અને અનેક વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે. હત્યાના વિરોધમાં કુકી સંગઠન કમિટી ઓન ટ્રાઈબલ યુનિટી (COTU)એ અગાઉ જાહેર કરેલા ૨૪ કલાકના બંધને વધુ ૪૮ કલાક લંબાવવાની જાહેરાત કરી છે. બીજી તરફ, વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે.

મળતી માહિતી અનુસાર, તાફોઉ કુકી ગામના રહેવાસી ટી. ચોંગલોઈ અને પાઓગિનલાલ હેંગશિંગ ૨૯ ઓક્ટોબરથી ગુમ હતા. બંને યુવકોની શોધખોળ દરમિયાન રવિવારે સવારે સેનાપતિ જિલ્લાના પહાડી વિસ્તારમાં આવેલા કેળાના બગીચામાંથી બોરીઓમાં ભરેલા તેમના મૃતદેહો મળી આવ્યા હતા. મૃતદેહોની હાલત અત્યંત ખરાબ હોવાનું જણાવાયું છે. આ ઘટનાને પગલે કુકી સંગઠનોએ ન્યાય અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠાવી છે. COTUએ રાજ્યપાલ અને વહીવટી તંત્ર પર યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવાનો આક્ષેપ પણ કર્યો છે.

બંને યુવકોના મૃતદેહો મળ્યા બાદ કાંગપોકપી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. પ્રદર્શનકારીઓએ રસ્તાઓ પર ટાયર સળગાવ્યા હતા તેમજ લાકડાં અને મોટા પથ્થરો મૂકીને વાહનવ્યવહાર અવરોધ્યો હતો.

સોમવારે સ્થિતિ વધુ વણસી હતી. રસ્તા પરથી અવરોધો દૂર કરાવવા પહોંચેલા સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે ભીડને વિખેરવા માટે ટિયર ગેસના શેલ છોડ્યા હતા અને લાઠીચાર્જ કર્યો હતો. સામે પ્રદર્શનકારીઓએ સુરક્ષાદળો પર પથ્થરમારો કર્યો હતો. આ અથડામણ દરમિયાન ટિયર ગેસનો શેલ વાગવાથી એક પ્રદર્શનકારીને માથામાં ઈજા થઈ હતી. જોકે, અધિકારીઓના જણાવ્યા અનુસાર તેની હાલત સ્થિર છે.

જિલ્લામાં પરિસ્થિતિ નિયંત્રણમાં રાખવા માટે વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, સોમવારે સવારે વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનાં સુરક્ષાદળો તહેનાત કરવામાં આવ્યાં હતાં. બંધ લંબાવવાના નિર્ણયને કારણે સામાન્ય જનજીવન, વાહનવ્યવહાર અને સ્થાનિક વેપાર-ધંધા પર પણ અસર થવાની શક્યતા છે. સુરક્ષાદળો સતત સ્થિતિ પર નજર રાખી રહ્યાં છે.

મણિપુરમાં અગાઉથી ચાલી રહેલા જાતીય તણાવ વચ્ચે બે યુવકોની હત્યાએ શાંતિ સ્થાપવાના પ્રયાસો સામે નવો પડકાર ઊભો કર્યો છે. વારંવાર બનતી હિંસક ઘટનાઓને કારણે સ્થાનિક લોકોમાં અસુરક્ષાની લાગણી વધી રહી છે.

હવે સમગ્ર રાજ્યની નજર તપાસની દિશા, હત્યાના જવાબદારો સામે થનારી કાર્યવાહી અને કાંગપોકપીમાં સ્થિતિ સામાન્ય બનાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવનારા પગલાં પર છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં દિલીપ સંઘાણીનો અભિવાદન કાર્યક્રમ યોજાયો






ભારતીય સહકાર ચળવળનાં અગ્રણી અને ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણીની ઈન્ટરનેશનલ કોઓપરેટીવ એલાયન્સનાં ગ્લોબલ ડીરેકટર તરીકે ચૂંટાઈ આવી દેશની સફળ સહકારી પ્રવૃતિને વૈશ્વિક મંચપર મુકી ભારતની સહકારીતાનું દર્શન કરાવ્યુ છે, આ સિધ્ધીને વધાવતા અડાલજ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ભવ્ય અભિવાદન અને સન્માન સમારોહ યોજાયો હતો. આ ગૌરવપુર્ણ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સબળ નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે નિર્માણ પામેલા અનુકૂળ વાતાવરણનાં પરિણામે આજે ભારતીય નેતૃત્વને આંતરરાષ્ટ્રીય મંચ પર આવી ઐતિહાસિક સફળતાઓ મળી રહી છે. તેઓએ વધુમાં જણાવેલ કે, વર્ષ ૧૯૭૮થી ૨૦૨૬ સુધીની દિલીપભાઈ સંઘાણીની પાંચ દાયકા લાંબી સમાજ અને સહકાર ક્ષેત્રની સર્મપિત સેવા યાત્રાને બિરદાવી હતી. તેમણે જણાવ્યુ કે, સંયુકત પરિવારની વસુદેવ કુટુમ્બકમની પ્રાચિન ભારતીય ભાવનાની પ્રશંસા કરતા મુખ્યમંત્રી કહયુ કે, છેલ્લા ચાર વર્ષમાં ઈફ્કો દ્વારા નોંધપાત્ર અભુતપુર્વ પ્રગતિ અને સફળતાએ દિલીપભાઈ કાર્ય કુશળતા અને ઉત્કૃષ્ટ વહીવટી ક્ષમતાનું પ્રત્યક્ષ પરિણામ છે જે તમામ ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ ભવ્ય સમારોહમાં રાજકીય, સહકારી અને વ્યાપારીક ક્ષેત્રનાં અનેક દિગ્ગજ મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા જેમાં રાજકોટનાં સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, પુર્વ કે.સી.એમ. અને અન્નપુર્ણાધામનાં પ્રમુખ નરહરિભાઈ અમીન, પુર્વ મંત્રી વલ્લભભાઈ કાકડીયા તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટ વિશેષ રૂપે ઉપસ્થિત રહયા હતા. તદ્ ઉપરાંત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ બિલ્ડર એસોસીએશન, સમસ્ત પાટીદાર સમાજ, ધ ડાયસ્ટફ્સ એસોસીએશન સહિત વિવિધ સહકારી અને સામાજીક સંસ્થાઓના અગ્રણી, મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા અને દિલીપ સંઘાણીને આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલી આ ભવ્ય સફળતા બદલ હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, દિલીપ સંઘાણીની આ સિદ્ધિને સુરત, અમદાવાદ, ગાંધીનગર સહિત રાજય અને દેશમાં વિવિધ સ્થળો પર સત્કારવામાં આવી રહી છે જે નોંધનીય બાબત છે.

પાના ૮ ઉપરનું ચાલું

રાજુલાના દાતરડી ગામનાં યુવકનાં

ખાતામાંથી રૂપિયા ૫૩,૦૦૦ કપાયેલ હોવાનું જણાયેલ હતું.

જે રકમ તા.૩૧ના રોજ સાંજના કલાક ૫/૨૪ વાગ્યે ગુગલ પે મારફતે યુપીઆઈ ટ્રાન્ઝેકશન આઈ.ડી.થી મિ. રાહીલ અહેમદ ભટ્ટના નામના બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા નં. ૬૦૫૯૩૦૧૭૮૯૫ માં ટ્રાન્સફર થયેલ હોવાનું જણાયેલ હતું.

આમ, મિ. રાહીલ અહેમદ ભટ્ટ નામના આરોપીએ યુવકના મોબાઈલ ફોન અથવા ગુગલ પે/યુપીઆઈનો અનધિકૃત ઉપયોગ કરી યુવકની જાણ બહાર કે વિના ફરીયાદીના બેંક ખાતામાંથી રૂા. ૫૩,૦૦૦ની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી ફરિયાદી સાથે સાયબર ફ્રોડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

સગીર અને એક યુવકને

આગ લાગ્યા બાદ ગાડીમાં સુતેલા સગીરના પિતા સહિતનાએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બંને યુવકોના કરૂણ મોત નિપજયાં હતાં.

મૃતક સગીર રવિના પિતા કમલેશ બધેલે આક્ષેપ કર્યો હતો કે, પૈસાની લેતીદેતીના વિવાદમાં તેમના પુત્ર સહિત બે યુવકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે. વિપેસિંગ નામના વ્યકિત પાસેથી આશરે રૂપિયા ૬૦ હજાર લેવાના બાકી હોવાના વિવાદમાં વિનુ નામનો શખ્સ આવ્યો હતો અને તેણે તુફાન ગાડીને આગ ચાંપી દીધી હોવાનો આક્ષેપ મૃતકના પિતાએ કર્યો હતો. જોકે, પોલીસ તપાસમાં તુફાન ગાડીના આશરે રૂપિયા ૬૦ હજારના બાકી હપ્તાની લેતીદેતીનો મુદ્દો સામે આવ્યો હોવાનું ડીવાયએસપીએ જણાવ્યું હતું.

બીજી તરફ, જે વાડીમાં આ ઘટના બની હતી તેના માલિકના ભત્રીજા રમેશ કાછડીયાએ પણ સમગ્ર ઘટના અંગે પોતાની વાત રજૂ કરી હતી અને ઘટનાની જાણ પોલીસને કરી હતી. બનાવને પગલે પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ ચકચારી બનાવ અંગે લાઠીના ડીવાયએસપી વિસ્મય માનસેતાએ જણાવ્યું હતું કે, તુફાન ગાડીના આશરે રૂપિયા ૬૦ હજારના બાકી હમાની લેતીદેતીના વિવાદમાં આ ઘટના બની હતી. આ કેસમાં આરોપી વિનેશ ઉર્ફે વિનોદ વરસંગ ડોડીયાર અને તેનો પિતરાઈ ભાઈ રાજુ ગોરધન ડોડીયાર નામના બે શખ્સોની સંડોવણી સામે આવી છે. બંને આરોપીઓ મધ્યપ્રદેશના મહિન્દ્રા ગામના હોવાનું અને પોલીસે બંનેને ઝડપી લીધા હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગુંદરણ ગામની સીમમાં બનેલી આ હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી ફેલાવી છે. નાણાંકીય લેતી દેતીના વિવાદમાં બે જિંદગીઓનો કરૂણ અંત આવ્યો છે. ત્યારે પોલીસ દ્વારા ઘટનાના તમામ પાસાઓની ઝીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી છે. આ ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ ? આગ લગાડવા પાછળનું સમગ્ર કાવતરૂં શું હતું અને ઘટનાની ચોક્કસ હકીકત શું છે ? તે સહિતના મુદ્દાઓ પર તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

બગસરામાં દેશી–વિદેશી દારૂનાં

ચાર્જ સંભાળ્યા બાદ દારૂના ધંધાર્થીઓ સામે કડક કાર્યવાહી શરૂ કરતાં બુટલેગરો અને દારૂના બંધાણીઓમાં ફફડાટ ફેલાયો છે. લાંબા સમય બાદ પોલીસ દ્વારા દારૂની બદી સામે કડક વલણ અપનાવવામાં આવતાં શહેરીજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. પોલીસ દ્વારા શહેરમાં જયાં પણ દેશી કે વિદેશી દારૂનું ગેરકાયદેસર વેચાણ થતું હોય તેવા સ્થળોની માહિતી આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. નાગરિકો પાસેથી મળતી માહિતીના આધારે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં બગસરા પોલીસની કડક કામગીરીને શહેરીજનો દ્વારા આવકારવામાં આવી રહી છે. સાથે જ દારૂના ગેરકાયદેસર વેચાણ સાથે સંકળાયેલા બુટલેગરો અને જાહેરમાં નશાની હાલતમાં ફરતા શખ્સો સામે સતત અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તેવી લોક માગ ઊઠી છે.

પાના ૧ ઉપરનું ચાલું

ધારી નજીક ગીરકાંઠાનાં નાગધ્રા ગામે

દીપડાએ સાત વર્ષનાં અજીત પટેલ ઉપર હુમલો કર્યો હતો. હુમલામાં ઈજા પામેલા બાળકને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ ધારી અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ નાગધ્રા ગામે જીતેશ વાળાની વાડીમાં પરિવાર સાથે રહેતા સાત વર્ષના અજીત પટેલ ઉપર વ્હેલી સવારે દીપડાએ હુમલો કર્યો હતો. પરિવારજનો અને આસપાસના લોકોમાં બનાવને પગલે દોડધામ મચી ગઈ હતી. બાળકને ઈજાગ્રસ્ત હાલતમાં તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધારી ગીર કાંઠાનાં ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર સિંહ અને દીપડા જેવા વન્ય પ્રાણીઓની અવરજવર તથા હુમલાની ઘટનાઓ સામે આવતી રહે છે. ખાસ કરીને રાત્રિ દરમિયાન અને વ્હેલી સવારે લોકો ઊંઘમાં હોય ત્યારે વાડી વિસ્તારમાં રહેતા પરિવારો માટે જોખમ વધી જાય છે.

ખેતીની સીઝન દરમિયાન ખેતરોમાં રહેતા ખેડૂતો અને ખેતમજૂરોમાં વન્ય પ્રાણીઓનો ભય સતત સતાવી રહ્યો છે. એક તરફ ખેતીની મોસમમાં ખેતમજૂરોની જરૂરિયાત વધી રહી છે, ત્યારે બીજી તરફ વન્ય પ્રાણીઓના હુમલાના ભયને કારણે ખેતમજૂરો વાડી અને ખેતરોમાં કામ કરવા જતાં પણ અચકાઈ રહ્યા છે.

નાગધ્રાની ઘટનાએ ફરી એકવાર ગીર કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં માનવ–વન્ય પ્રાણી સંઘર્ષ અને લોકોની સુરક્ષાનો પ્રશ્ન ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે. વનવિભાગ દ્વારા આવા વિસ્તારોમાં પેટ્રોલિંગ અને લોકોની સુરક્ષા માટે અસરકારક પગલા લેવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે.

સરપંચના કાર્યકાળ દરમિયાન વીજપડીનાં પુર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યાએ અનેક વિકાસકાર્યો કર્યા

પુર્વ સદસ્ય દ્વારા કરાઈ પ્રશંસા

અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે પુર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યા તથા સ્વ. આસુબેનનાં સતાના સમયગાળા દરમ્યાન કરેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરતા પુર્વ સદસ્ય સંજય વાઘેલાએ જણાવ્યું કે માત્ર યાકુબ રસભર્યાના જ સતાકાળ દરમ્યાન કોળી સમાજનાં ૨૨ મકાનો ૩૦ × ૩૦ નાં પ્લોટ સાથે મંજુર થયા હતા, જે નોંધપાત્ર કામગીરી કોઈપણ સરપંચ કરી શકેલ નહી, કુલ ૧૩૧ મકાનો પુર્વ સરપંચ હસ્તક ૨૦૦૭/૨૦૧૨ દરમ્યાન બનેલ જે પૈકી એકપણ મકાનનો સ્લેબ કે અન્ય બાંધકામ નબળુ થયુ તેવી કોઈ ફરિયાદ પણ ઉઠવા પામેલ નથી.

પુર્વ સરપંચનાં સમય ગાળામાં સ્મશાન માટે જગ્યા પસંદ કરી માપણી થઈ હતી. જે જગ્યા ઉપર સ્વ. આસુબેન ખોખર સરપંચ તરીકે આવ્યા ત્યારે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ વર્ષોથી પંચાયતની ચુંટણીમાં કોળી સમાજના બે ઉમેદવારો લેવાતા હતા, જે સ્વ. આસુબેન ખોખરની પેનલ ચાર ઉમેદવારો ઉભા રાખી સૌથી વધુ મતોથી વિજેતા થયેલા કોળી સમાજનાં રૂદ્રગણના યુવક અગ્રણી મુકેશ રાઠોડને વીજપડીનાં ઈતિહાસમાં પ્રથમ વખત ઉપસરપંચ બનાવવામાં આવેલ જે હકીકત હાલના સમયે નોંધ લેવા જેવી છે એક ડઝન યુવાનોને તાલીમ આપી છે, સેંકડો યુવાનોને પ્રેરણા મળે તેવી કામગીરીની નોંધ સૌ કોઈ લઈ રહયા છે.

લીલીયા મોટા ખાતે ગાયોનાં લાભાર્થે ફટાકડા સ્ટોલનો શુભારંભ કરાયો



લીલીયા, તા. ૩

લીલીયા મોટા ખાતે લાઠી રોડ પર આવેલી ગોપાલ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગાયોનાં લાભાર્થે ફટાકડા સ્ટોલનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

સાવરકુંડલાનાં માનવ મંદિરનાં મહંત પૂજ્ય ભક્તિરામ બાપુનાં હસ્તે રીબીન કાપીને ફટાકડાનો સ્ટોલ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજનમાં ગોપાલ ગૌશાળા ટ્રસ્ટનાં નવયુવાનોની ટીમની ભૂમિકા વિશેષ પ્રશંસનીય રહી હતી. ગૌમાતાની સેવા, સંભાળ અને કલ્યાણ માટે કંઈક નવું કરવાની ભાવના સાથે આ નવયુવાનોએ એકજૂથ થઈને ગૌસેવાના કાર્યને આગળ ધપાવવાની જવાબદારી ઉપાડી છે. યુવાનોની આ સેવાભાવી વિચારધારા અને સામાજિક જવાબદારી પ્રત્યેની નિષ્ઠા અન્ય યુવાનો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે. આ ફટાકડા સ્ટોલમાંથી વેચાણ થકી પ્રાપ્ત થનારી આવકનો ઉપયોગ ખાસ કરીને બીમાર ગાયોની સારવાર, દવાઓ તેમજ ગાયો માટે જરૂરી ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવશે. આમ, દિવાળીનાં તહેવારની ખુશીઓને ગૌસેવાના પવિત્રકાર્ય સાથે જોડીને ગાયોની સેવા અને સારવાર માટે આર્થિક સહયોગ એકત્રિત કરવાનો સુંદર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રસંગે ગામનાં સામાજિક આગેવાનો, રાજકીય આગેવાનો, ગૌપ્રેમીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ગોપાલ ગૌશાળાનાં નવયુવાનોની ટીમ દ્વારા કરવામાં આવેલી આ સેવાકીય પહેલને બિરદાવી હતી. ગોપાલ ગૌશાળાનાં નવયુવાનો દ્વારા નગરજનો અને ગૌપ્રેમીઓને અપીલ કરવામાં આવી છે કે, ફટાકડાની ખરીદી આ સ્ટોલ પરથી કરીને બીમાર ગાયોની સારવાર અને ઘાસચારાની વ્યવસ્થામાં સહભાગી બને.

લોકોની નાની–મોટી ખરીદી પણ નિઃસહાય અને બીમાર ગાયોની સેવા માટેનું એક મોટું યોગદાન બની શકે તેમ માનવ મંદિરનાં મહંત ભક્તિ રામ બાપુએ લોકોને પ્રેરણા આપી હતી.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૨૦૦	૧૫૨૫
૨	ગિરનાર શીંગ	૧૧૯૦	૧૫૯૫
૩	શિંગ મોટી	૧૧૦૦	૧૬૨૫
૪	શિંગદાણા ફાડા	૧૪૦૦	૧૯૦૦
૫	તલ સફેદ	૨૧૦૦	૩૭૩૦
૬	તલ કાળા	૨૫૦૦	૪૨૫૫
૭	તલ કાશ્મીરી	૨૯૫૦	૩૦૧૫
૮	બાજરો	૩૦૦	૫૬૦
૯	જુવાર	૫૮૦	૧૮૦૫
૧૦	ઘઉં ટુકડા	૫૦૦	૭૪૦
૧૧	ઘઉં લોકવન	૫૫૦	૬૫૫
૧૨	મગ	૯૪૦	૧૭૮૫
૧૩	અડદ	૧૨૦૦	૧૭૮૦
૧૪	ચણા	૮૦૦	૧૪૬૫
૧૫	સફેદ ચણા	૧૦૦૦	૧૩૮૦
૧૬	છોલે ચણા	૧૬૮૦	૧૬૮૦
૧૭	વટાણા	૯૫૦	૯૫૦
૧૮	તુવેર	૯૪૦	૧૮૭૫
૧૯	કપાસ	૧૦૫૫	૧૯૧૫
૨૦	એરંડા	૧૨૦૦	૧૫૪૦
૨૧	જીરૂ	૩૨૦૦	૪૮૭૦
૨૨	ધાણી	૨૫૦૦	૩૨૦૦
૨૩	મેથી	૧૩૦૦	૧૩૦૦
૨૪	સોયાબીન	૧૦૨૦	૧૪૧૫
૨૫	રજકાનું બી	૪૯૭૫	૬૫૦૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૦	૧૮૯૧
૨	મગફળી	૧૦૫૦	૧૪૩૧
૩	તલ સફેદ	૨૮૦૦	૩૨૧૧
૪	સોયાબીન	૧૧૫૦	૧૩૩૫
૫	અડદ	૧૬૫૫	૧૭૫૫

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૭૦૦
૨	શીંગ મોટી	૧૩૨૦	૧૬૫૧
૩	તલ સફેદ	૨૮૧૧	૩૩૦૦
૪	તલ કાળા	૩૩૭૫	૪૦૬૧
૫	જીરૂ	૪૫૦૦	૫૦૭૨
૬	કપાસ	૧૮૨૦	૧૮૮૦
૭	ઘઉં લોકવન	૫૬૦	૬૨૨
૮	ઘઉં ટુકડા	૬૦૦	૬૮૦
૯	બાજરો	૪૧૧	૬૦૯
૧૦	જુવાર	૧૨૦૦	૧૭૪૦
૧૧	અડદ	૧૭૦૦	૨૧૦૫
૧૨	ચણા	૧૨૩૦	૧૫૦૧
૧૩	દેશી ચણા	૧૨૫૦	૧૪૫૦
૧૪	તુવેર	૧૨૫૦	૧૮૦૦
૧૫	ધાણા	૨૫૦૦	૩૧૩૦
૧૬	સોયાબીન	૧૨૭૦	૧૩૮૧

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૪૦	૧૯૩૦
૨	કપાસ મીડીયમ	૧૭૧૦	૧૮૨૧
૩	મગફળી	૧૩૩૫	૧૫૨૧
૪	તલ સફેદ	૨૮૪૦	૩૨૧૧
૫	તલ કાળા	૩૨૪૦	૩૭૭૦
૬	જીરૂ	૪૭૩૦	૫૧૦૫
૭	ચણા	૧૩૧૫	૧૪૨૧
૮	ઘઉં	૫૫૧	૬૨૫
૯	મગ	૧૮૧૦	૨૦૦૦
૧૦	સોયાબીન	૧૩૪૦	૧૩૭૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૬૦૦	૧૯૧૮
૨	ઘઉં લોકવન	૫૫૧	૬૨૧
૩	ઘઉં ટુકડા	૫૬૫	૫૭૨
૪	મગફળી	૧૦૦૦	૧૪૪૦
૫	ચણા	૧૨૧૫	૧૪૨૫
૬	લસણ	૧૨૦૦	૨૨૪૦
૭	રજકાબી	૮૫૦૦	૮૫૦૦
૮	સોયાબીન	૧૧૨૫	૧૩૪૨
૯	તલ કાળા	૨૦૦૦	૩૯૨૦
૧૦	અડદ	૧૪૦૦	૧૭૫૦
૧૧	તલ સફેદ	૨૮૫૦	૨૯૦૦
૧૨	શીંગદાણા	૧૫૦૦	૧૫૦૦
૧૩	ચણા સફેદ	૧૩૫૦	૧૩૫૦
૧૪	ધાણા	૨૫૫૦	૨૭૧૫
૧૫	તુવેર	૯૪૦	૧૬૪૯
૧૬	મગ	૧૪૭૫	૧૫૨૫
૧૭	મેથી	૧૨૫૦	૧૨૫૦
૧૮	બાજરો	૩૨૮	૩૨૮

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૩૮૦	૧૮૫૧
૨	મગફળી	૧૦૦૦	૧૫૨૫
૩	ઘઉં	૪૯૫	૫૪૬
૪	ચણા	૧૨૫૦	૧૪૪૭
૫	શીંગદાણા	૧૮૩૦	૧૮૩૦
૬	ધાણા	૨૭૦૦	૨૭૦૦
૭	અડદ	૧૫૦૦	૧૮૦૦
૮	કાળા તલ	૩૩૧૦	૩૩૧૦
૯	સોયાબીન	૧૦૩૦	૧૩૫૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૦૦૦	૧૫૩૧
૨	તલ સફેદ	૨૪૦૦	૩૩૬૨
૩	તલ કાળા	૩૫૦૦	૩૫૦૦
૪	કપાસ	૧૭૩૫	૧૮૫૦
૫	બાજરો	૫૦૧	૬૪૬
૬	ઘઉં ટુકડા	૫૦૦	૬૯૬
૭	જુવાર	૭૦૦	૧૮૫૧
૮	મકાઈ	૬૪૦	૬૪૦

અમરેલીનાં પરંપરા નવરાત્રિ મહોત્સવનાં વિજેતા ખેલૈયાઓને પુરસ્કૃત કરાયા



અમરેલીનાં ગણેશ પાર્ટી પ્લોટ ખાતે જાણીતા એડવોકેટ જે.આર. વાળાનાં નેતૃત્વમાં પરંપરા નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. નવરાત્રિ મહોત્સવ દરમિયાન જનપ્રતિનિધિઓ, અધિકારીઓ સહિતનાં આગેવાનોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. અને શહેરનાં ખેલૈયાઓ ઉત્સાહભેર મહોત્સવમાં જોડાયેલ. નવરાત્રિ મહોત્સવનાં સમાપન પ્રસંગે ખેલૈયાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

અમરેલીમાં આમ આદમી પાર્ટીએ દુષ્કાળ રાહત પેકેજ અપૂરતું હોવાથી ખેડૂતોને ન્યાયસંગત સહાય આપવા માંગ કરી

અમરેલી, તા. ૩

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા દુષ્કાળ રાહત પેકેજને અપૂરતું ગણાવી આજે આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી ખાતે જિલ્લા કક્ષાની પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

આમ આદમી પાર્ટીએ જણાવ્યું હતું કે ઓછા વરસાદને કારણે ખેડૂતો, ખેતમજૂરો, ભાગિયાઓ અને પશુપાલકો મુશ્કેલીમાં છે. સરકાર દ્વારા પ્રતિ હેક્ટર માત્ર ૮,૫૦૦ અને વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરવામાં આવી છે, જે ખેડૂતોના વાસ્તવિક નુકસાનની સરખામણીએ પૂરતી નથી.

પાર્ટીએ સરકાર સમક્ષ સહાયની રકમ વધારવા, પાકના નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરવા, પશુપાલકોને ઘાસચારો અને પાણી પૂરાં પાડવા તથા ખેત મજૂરો અને



ભાગિયાઓ માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી હતી.

આ ઉપરાંત, સોમવારે અમરેલી જિલ્લામાં મોટી સંખ્યામાં ખેડૂતોની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટર મારફતે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવશે, તેમ જણાવવામાં આવ્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં નિકુંજભાઈ સાવલિયા (ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી), રાહુલભાઈ હરખાણી (અમરેલી જિલ્લા પ્રમુખ), કાંતિભાઈ સતાસિયા (અમરેલી લોકસભા ઈન્ચાર્જ), સુખાભાઈ વાળા (અમરેલી લોકસભા સંગઠન મંત્રી), જયદીપભાઈ પાંચાણી (અમરેલી વિધાનસભા સંગઠન મંત્રી) અને હિરેનભાઈ વિરડીયા(અમરેલી જિલ્લા મહામંત્રી) ઉપસ્થિત રહ્યા હતા.

આમ આદમી પાર્ટીનો સ્પષ્ટ સંદેશ છે કે ખેડૂતોને રાહતના નામે નજીવી સહાય નહીં, પરંતુ તેમનો હક અને ન્યાયસંગત વળતર મળવું જોઈએ.

શેરબજારમાં તેજીનો માહોલ

સેન્સેક્સ ૧,૨૨૫ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૩,૮૧૦ને પાર

નિફ્ટી FMCG ઇન્ડેક્સમાં ૩.૬૫ ટકા અને રિયલ્ટી ઇન્ડેક્સમાં ૨.૩૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો

મુંબઈ,તા.૩

ભારતીય શેરબજારમાં આજે મંગળવારે જોરદાર તેજી જોવા મળી હતી. બજારના બંને મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ ૧,૨૨૫.૦૭ પોઈન્ટ એટલે કે ૧.૬૨ ટકાના વધારા સાથે ૭૬,૯૧૭.૮૫ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦માં ૩૭૦.૦૫ પોઈન્ટ એટલે કે ૧.૫૮ ટકાનો વધારો નોંધાયો હતો અને તે ૨૩,૮૧૦.૮૫ના સ્તરે બંધ થયો હતો.

આજના કારોબારમાં FMCG, રિયલ્ટી અને ખાનગી બેંકોના શેરોમાં રોકાણકારોએ ભારે ખરીદી કરી હતી. નિફ્ટી FMCG ઈન્ડેક્સમાં ૩.૬૫ ટકા અને રિયલ્ટી ઈન્ડેક્સમાં ૨.૩૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ખાનગી બેંકોના શેરોમાં પણ સારી તેજી જોવા મળી હતી. BSE લિમિટેડના શેરમાં આશરે ૫.૦૩ ટકાનો વધારો થયો હતો. નેસ્લે ઈન્ડિયા ૪.૪૭ ટકા અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના શેરમાં ૪.૨૯ ટકાનો ઉછાળો નોંધાયો હતો. HDFC બેંક અને ICICI બેંકના શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો, કંપનીઓના સારા ત્રિમાસિક પરિણામો અને વિદેશી રોકાણકારો દ્વારા ફરીથી ભારતીય શેરબજારમાં ખરીદી શરૂ કરવી જેવા પરિબળોએ બજારને ટેકો આપ્યો હતો. સાથે જ લાંબા ગાળાના મૂડીલાભ કર (LTCG) અંગે સંભવિત ફેરફારની ચર્ચાએ પણ રોકાણકારોમાં આશાવાદ વધાર્યો હતો.

બજારમાં સતત ખરીદી જોવા મળી રહી છે, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિ, ક્રૂડ ઓઈલના ભાવ અને કંપનીઓનાં પરિણામો આગામી દિવસોમાં બજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

પૂજારીઓ અંગેના નિવેદનથી દેશના રાજકારણમાં ગરમાવો

નેહા બોરા પર ભાજપનો પ્રહાર, કહ્યું- હિંદુ ધર્મ અને પરંપરાઓનું અપમાન

સમાજવાદી પાર્ટીના સાંસદ રાજીવ રાયે પણ આ પ્રકારની વ્યાપક ટિપ્પણી સામે વાંધો વ્યક્ત કર્યો છે

નવી દિલ્હી,તા.૩

દેશના રાજકારણમાં ધાર્મિક પરંપરાઓ અને પૂજારીઓ અંગેની ટિપ્પણીને લઈને નવો વિવાદ ઊભો થયો છે. ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA)નાં પ્રમુખ નેહા બોરાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ તેમની સામે આક્રમક વલણ અપનાવ્યું છે. ભાજપે તેમના નિવેદનને હિંદુ ધર્મ અને ધાર્મિક પરંપરાઓનું અપમાન ગણાવ્યું છે. બીજી તરફ, સમાજવાદી પાર્ટીના સાંસદ રાજીવ રાયે પણ આ પ્રકારની વ્યાપક ટિપ્પણી સામે વાંધો વ્યક્ત કર્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નેહા બોરાનો વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં નેહા બોરા બ્રાહ્મણવાદી વ્યવસ્થા, મહિલાઓની સુરક્ષા અને મંદિરોમાં પૂજારીઓ દ્વારા કથિત જાતીય શોષણના મુદ્દે વાત કરતાં જોવા મળે છે.

પ્રદીપ ભંડારીએ આ નિવેદનને હિંદુ વિરોધી ગણાવ્યું હતું. તેમણે નેહા બોરાને રાહુલ ગાંધીની 'પોસ્ટર ગર્લ' ગણાવીને કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું હતું. તેમના દાવા મુજબ, નેહા બોરાની ટિપ્પણી રાહુલ ગાંધીના અગાઉના નિવેદનો સાથે જોડાયેલી છે. ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ પણ નેહા બોરાની ટિપ્પણીની ટીકા કરી હતી. તેમણે આ નિવેદનને તમામ પૂજારીઓનું અપમાન ગણાવ્યું હતું. ભાટિયાના જણાવ્યા અનુસાર, પૂજારીઓ સમાજસેવા, શિક્ષણ અને ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલી ભૂમિકા ભજવે છે. તેમણે બાંગ્લાદેશની ઘટનાઓનો ઉલ્લેખ કરીને નેહા બોરાના અગાઉના નિવેદનો પર પણ સવાલ ઉઠાવ્યા હતા. વધુમાં તેમણે સવાલ કર્યો હતો કે જો નેહા બોરા કોઈ એક ધાર્મિક વ્યવસ્થાની ટીકા કરે છે, તો શું તેઓ અન્ય ધર્મોની સંસ્થાઓ અંગે પણ આવી જ ટિપ્પણી કરશે? સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં નેહા બોરાએ મહિલાઓ અને વંચિત વર્ગોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જેને 'બ્રાહ્મણવાદી વ્યવસ્થા' ગણાવી છે તેની ટીકા કરતાં દાવો કર્યો હતો કે આ વ્યવસ્થામાં મહિલાઓ અને શોષિત વર્ગો સાથે ભેદભાવ થાય છે. તેમણે મંદિરોમાં પૂજારીઓ દ્વારા જાતીય અત્યાચારની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ દરમિયાન તેમણે ઉન્નાવ અને કઠુઆમાં બનેલી દુષ્કર્મની ઘટનાઓનો પણ સંદર્ભ આપ્યો હતો. જોકે, ભાજપે તેમના નિવેદનને સમગ્ર ધાર્મિક પરંપરા સાથે જોડીને રજૂ કરવું અયોગ્ય ગણાવ્યું છે.

સમાજવાદી પાર્ટીના સાંસદ રાજીવ રાયે પણ નેહા બોરાની ટિપ્પણી સામે વાંધો વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે કોઈ એક ધર્મ કે સમુદાયના તમામ લોકો વિશે સામાન્ય નિવેદન આપવું યોગ્ય નથી. દરેક ધર્મમાં સારા અને ખરાબ બંને પ્રકારના લોકો હોય છે. તેથી કોઈ વ્યક્તિના ગુનાને આધારે સમગ્ર સમુદાયને જવાબદાર ઠેરવવો જોઈએ નહીં.

આ સમગ્ર વિવાદ વચ્ચે એક બાબત સ્પષ્ટ છે કે મહિલાઓની સુરક્ષા અને જાતીય અત્યાચાર જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરતી વખતે વ્યક્તિગત ગુનાઓ અને સમગ્ર ધાર્મિક સમુદાય વચ્ચેનો તફાવત જાળવવો જરૂરી છે. હવે આ મુદ્દે રાજકીય પક્ષો તરફથી આગળ કેવા પ્રતિભાવ આવે છે તેના પર સૌની નજર રહેશે.

તહેવારો પહેલાં મહારાષ્ટ્ર FDAનો મોટો સપાટો

પતંજલિના ગાયના ઘી સહિત કરોડોનો ખાદ્યજથ્થો જપ્ત

ખાદ્ય સુરક્ષા તપાસ તેજ, પતંજલિના સુપર ડિસ્ટ્રિબ્યુટર પાસેથી ૨૦.૨૦ લાખનું ઘી જપ્ત; D-Mart સહિત અનેક કંપનીઓ તપાસના ઘેરામાં

મુંબઈ,તા.૩

તહેવારોની સિઝનમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા રાજ્યભરમાં મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અભિયાન દરમિયાન પતંજલિ આયુર્વેદના સુપર ડિસ્ટ્રિબ્યુટર પાસેથી ૨૦.૨૦ લાખનું ગાયનું ઘી જપ્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિવિધ સ્થળોએથી ખાદ્ય તેલ, ચોખા, કઠોળ અને અન્ય ખાદ્ય સામગ્રીનો મોટો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો છે.

FDAના જણાવ્યા અનુસાર, ખાદ્ય સુરક્ષાના નિયમોના ઉલ્લંઘન બદલ ૧૯ વ્યવસાયોનાં લાઇસન્સ અથવા રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ કાર્યવાહીથી ખાદ્ય ઉત્પાદકો, વિતરકો અને રિટેલ વેપારીઓમાં ખળભળાટ મચ્યો છે. છત્રપતિ સંભાજીનગરમાં FDAની ટીમે પતંજલિ આયુર્વેદના સુપર ડિસ્ટ્રિબ્યુટર M/s દિવ્ય મહાવિતારક પાસેથી ગાયના ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલા કુલ ૪,૦૩૨ યુનિટની કિંમત ૨૦.૨૦ લાખ હોવાનું જણાવાયું છે.

આ જથ્થામાં ૧,૩૪૯.૧ લિટર ધરાવતા ૨,૯૯૮ યુનિટની કિંમત ૧૨.૨૯ લાખ અને ૯૩૦.૬ લિટર ધરાવતા ૧,૦૩૪ યુનિટની કિંમત ૭.૯૧ લાખ છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થા અંગે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ની જોગવાઈઓના સંભવિત ભંગની બાબત સામે આવી છે. FDA દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.FDAએ મુંબઈ, અમરાવતી અને છત્રપતિ સંભાજીનગર વિભાગોમાં નમકીન, મીઠાઈ અને મસાલાનું ઉત્પાદન કરતા એકમો સહિત ૧૯ વ્યવસાયોનાં લાઇસન્સ અથવા રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કર્યાં છે. તપાસ દરમિયાન અનેક સ્થળોએ ખાદ્ય સામગ્રીનો અસ્વચ્છ વાતાવરણમાં સંગ્રહ, જીવાત નિયંત્રણની અપૂરતી વ્યવસ્થા, સફાઈના રેકોર્ડનો અભાવ અને ફરજિયાત દસ્તાવેજો જાળવવામાં બેદરકારી જેવી ખામીઓ જોવા મળી હતી. આ અભિયાન દરમિયાન થાણે જિલ્લાના ભિવંડીમાં એવન્યૂ સુપરમાર્ટ્સ લિમિટેડ પાસેથી ૧,૪૪,૨૧૮ કિલોગ્રામ ખાદ્ય તેલ જપ્ત કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત સાતારાના અમીન ટ્રેડર્સ પાસેથી ૨૦,૫૬૦ કિલોગ્રામ ચોખા, કઠોળ, ગોળ અને અન્ય ખાદ્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. પુણે વિભાગમાં સ્વાતિ ઑઇલ મિલ્સ અને સોલાપુરના એસ.જી. ટ્રેડર્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૮થી ૩૧ ઑક્ટોબર દરમિયાન FDAએ ૧૭ એકમોમાંથી ૭૯.૪૦ લાખની કિંમતની પ્રતિબંધિત ખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કરી હતી. આ કાર્યવાહી દરમિયાન ૧૩ FIR નોંધવામાં આવી અને ૧૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

આ ઉપરાંત સાત એકમોને સીલ કરવામાં આવ્યા અને છ વાહનો જપ્ત કરાયાં હતાં. નાશિક, છત્રપતિ સંભાજીનગર અને નાગપુરમાં ૩૪ હોટલ, રેસ્ટોરાં તથા ઢાબાની તપાસ કરવામાં આવી હતી. સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના નિયમોમાં ખામીઓ બદલ ૨૯ એકમોને સુધારાની નોટિસ અપાઈ હતી. ખાદ્ય સુરક્ષા અને જાહેરાતના નિયમોના પાલન અંગે FSSAI દ્વારા ટાટા 1mg મરીન કોલેજન પાઉડરના લેબલિંગ અને જાહેરાતમાં કથિત નિયમભંગ બદલ ચાર કંપનીઓને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. આ કંપનીઓમાં ટાટા ૧ દ્વારા હેલ્થકેર સોલ્યુશન્સ, ACFO ફાર્માસ્યુટિકલ્સ, એમેઝોન સેલર સર્વિસિસ અને ફ્લિપકાર્ટ ઇન્ડિયાનો સમાવેશ થાય છે. ચારેય કંપનીઓને ૩૦ દિવસમાં પોતાનો ખુલાસો રજૂ કરવા જણાવાયું છે.તહેવારો દરમિયાન મીઠાઈ, ઘી, તેલ અને અન્ય ખાદ્ય પદાર્થોની માંગમાં વધારો થતો હોવાથી ગુણવત્તા અને શુદ્ધતાની ચકાસણી અત્યંત જરૂરી બને છે. મહારાષ્ટ્ર FDAની આ કાર્યવાહીથી ખાદ્ય ઉત્પાદકો અને સપ્લાય ચેઇનમાં નિયમોના પાલનનું મહત્ત્વ ફરી સામે આવ્યું છે.

અમદાવાદ અને ગાંધીનગર સહિત ૪ સ્થળોએ હુક્કાબાર પર SMCના દરોડા

કેફે અને લાઉન્જની આડમાં ચાલતા હુક્કાબારનો પર્દાફાશ, ટેમ્પેશન કેફે સહિત ચાર સ્થળોએ દરોડા; સંચાલકો અને ગ્રાહકો સામે કાર્યવાહી શરૂ

અમદાવાદ,તા. ૩

ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ચાલતા હુક્કાબાર સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. SMCની ટીમે બાતમીના આધારે અમદાવાદ અને ગાંધીનગરમાં ચાર અલગ-અલગ કેફે અને લાઉન્જ પર એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં હુક્કા, વિવિધ ફ્લેવર, તમાકુ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. ચારેય સ્થળોથી કુલ રૂ. ૨,૭૨,૦૦૪ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

SMCની ટીમે ગાંધીનગરના ચર્ચિત ટેમ્પેશન કેફેમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન અહીં ૧૨ ગ્રાહકો સહિત સંચાલક મળી આવ્યા હતા. ટીમે સ્થળ પરથી હુક્કા અને અન્ય સામગ્રી કબજે કરીને કાર્યવાહી હાથ ધરી હતી.અમદાવાદમાં પણ SMCએ અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા TC'જ લાઉન્જ એન્ડ રેસ્ટોરન્ટમાંથી આશરે ૮ લોકો મળી આવ્યા હતા. જ્યારે ચાંદખેડાના ક્રિંગ્સ કેફેમાં તપાસ દરમિયાન ૩ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઉપરાંત સરખેજ વિસ્તારમાં આવેલા જેકલ લાઈવ કેફેમાં પણ દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી હુક્કા ચલાવવા માટે ઉપયોગમાં લેવાતી સાધનસામગ્રી અને અન્ય સામાન મળી આવ્યો હતો. ચારેય સ્થળોએ તપાસ દરમિયાન હુક્કા, હુક્કા ફ્લેવર, તમાકુ, ચિલમ અને સળગાવવા માટે ઉપયોગમાં લેવાતા કોલસા સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. SMCએ તમામ સ્થળેથી કુલ રૂ. ૨,૭૨,૦૦૪ની કિંમતનો સામાન જપ્ત કર્યો છે.

આ સમગ્ર મામલે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં જાણવાજોગ (NC) નોંધાવીને સંચાલકો અને ગ્રાહકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. SMCની આ કાર્યવાહીને પગલે કેફે અને લાઉન્જની આડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

નોટિસને ગણાવી માત્ર એક ટૌંગ

પાન મસાલા જાહેરાત વિવાદમાં અજય દેવગણનો FDA સામે મોરચો

વિમલ ઇલાયચીની જાહેરાત મુદ્દે બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યા અજય દેવગણ, FDAની કાર્યવાહી સામે ઉઠાવ્યા ગંભીર સવાલ; ૪ નવેમ્બરે થશે સુનાવણી

મુંબઈ,તા.૩

બોલિવૂડ અભિનેતા અજય દેવગણ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે, પરંતુ આ વખતે કારણ તેમની ફિલ્મ નહીં, પરંતુ વિમલ ઈલાયચીની જાહેરાતને લઈને ઊભો થયેલો કાનૂની વિવાદ છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા આપવામાં આવેલી શો-કોઝ નોટિસને અજય દેવગણે બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. અભિનેતાએ FDAની કાર્યવાહીને પૂર્વગ્રહયુક્ત ગણાવીને નોટિસને માત્ર ઔપચારિકતા અને દેખાડો ગણાવી છે.

આ મામલે બોમ્બે હાઈકોર્ટમાં ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સુનાવણી થવાની શક્યતા છે. આ વિવાદે સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટ, સરોગેટ એડવર્ટાઈઝિંગ અને પ્રતિબંધિત ઉત્પાદનોના પરોક્ષ પ્રચાર અંગે ફરી ચર્ચા જગાવી છે. અજય દેવગણે પોતાની રિટ અરજીમાં દાવો કર્યો છે કે મહારાષ્ટ્ર FDAએ તેમની સ્પષ્ટતા અને ખુલાસાને યોગ્ય રીતે ધ્યાનમાં લીધા વગર જ કાર્યવાહી કરી હતી. તેમના મતે, ૧૬ ઓગસ્ટે આપવામાં આવેલી કારણદર્શક નોટિસ પહેલેથી જ નક્કી કરાયેલા નિર્ણયનો ભાગ હતી. FDAએ અજય દેવગણ ઉપરાંત શાહરુખ ખાન અને ટાઇગર શ્રોફને પણ નોટિસ પાઠવી હતી. વિભાગનો આક્ષેપ છે કે વિમલ ઈલાયચીની જાહેરાત વાસ્તવમાં પાન મસાલાના પરોક્ષ પ્રચાર માટે કરવામાં આવતી સરોગેટ એડવર્ટાઈઝિંગ હોઈ શકે છે. કારણ કે વિમલ બ્રાન્ડ મુખ્યત્વે પાન મસાલા સાથે જોડાયેલી છે અને મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત ઉત્પાદનોના પ્રચાર સામે નિયમો અમલમાં છે.

અજય દેવગણે પોતાની દલીલમાં સ્પષ્ટ કર્યું છે કે તેમણે વિમલ ઈલાયચી નામના કાયદેસર અને બજારમાં ઉપલબ્ધ ઉત્પાદનની જ જાહેરાત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, ઈલાયચી અને પાન મસાલા અલગ ઉત્પાદનો છે અને બંનેને એકસમાન ગણાવી શકાય નહીં. અભિનેતાએ એવી પણ દલીલ કરી છે કે કાયદેસર રીતે વેચાતા ઉત્પાદનની જાહેરાત કરવાનો તેમનો અધિકાર છે. આવી જાહેરાતથી દૂર રહેવા માટે દબાણ કરવું તેમના વ્યવસાય અને રોજગાર અયોગ્ય પ્રતિબંધ સમાન છે. આ વિવાદ માત્ર અજય દેવગણ પૂરતો મર્યાદિત નથી. ભારતમાં પાન મસાલા અને તમાકુ સંબંધિત બ્રાન્ડ્સ દ્વારા અન્ય ઉત્પાદનોના નામે કરવામાં આવતી જાહેરાતો લાંબા સમયથી નિયમનકારી ચર્ચાનો વિષય રહી છે.જાહેરાતમાં દેખાતા સેલિબ્રિટીઓની જવાબદારી, બ્રાન્ડની ઓળખ અને ગ્રાહકો સુધી પહોંચતા સંદેશની અસર જેવા મુદ્દાઓ પણ આ મામલે મહત્ત્વના બની શકે છે. હવે આ સમગ્ર મામલે બોમ્બે હાઈકોર્ટ શું વલણ અપનાવે છે તેના પર સૌની નજર છે. કોર્ટની સુનાવણી દરમિયાન FDAની નોટિસની કાયદેસરતા, સરોગેટ જાહેરાતની વ્યાખ્યા અને અજય દેવગણની બંધારણીય દલીલો મહત્ત્વપૂર્ણ બની શકે છે. આ કેસનો નિર્ણય ભવિષ્યમાં સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટ અને પ્રતિબંધિત ઉત્પાદનો સાથે જોડાયેલી બ્રાન્ડ્સની જાહેરાતો માટે મહત્ત્વનો દાખલો બની શકે છે. જોકે, અંતિમ નિર્ણય હાઈકોર્ટની સુનાવણી અને કાનૂની દલીલો પર આધારિત રહેશે.

અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન માર્ગ ૧૬ ફૂટ વધારે પહોળો કરાશે

આનંદો : ઠેબી જળાશયની ગોળાઇનો માર્ગ પહોળો બનશે

ચિતલ રોડ ઉપર પંચવટી પાર્ટી પ્લોટથી નાના માચીયાળા નજીક બાયપાસ સુધીનો માર્ગ પહોળો કરી દેવાશે

ટ્રાફિકથી ધમધમતાં માર્ગને પહોળો કરવાની માંગ વર્ષો બાદ પૂર્ણ કરવામાં આવશે

આગામી થોડા જ દિવસોમાં વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ માર્ગને પહોળો કરવાની કામગીરી શરૂ થશે

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકમાં અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ રાજયમંત્રીને રજૂઆત થતાં નિર્ણય



અમરેલી, તા. ૩

અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન ઠેબી જળાશય નજીકથી પસાર થતો ગોળાઈ ધરાવતો માર્ગ બંને બાજુ ૮ ફૂટ પહોળો કરવાનો નિર્ણય માર્ગ–મકાન વિભાગ દ્વારા કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે અને આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ રહી હોવાનું પણ જાણવા મળેલ છે.

અમરેલીથી ચિતલ જતાં ઠેબી નજીક પંચવટી પાર્ટી પ્લોટથી નાના માચીયાળા નજીકનાં બાયપાસ સુધી અંદાજિત ૩ કિ.મી.નો માર્ગ સાંકડો અને તેમાં એક કિ.મી. જેટલો માર્ગ ભયજનક ગોળાઈ ધરાવતો હોય વાહનચાલકોને સતત સાવધાની રાખવી પડી રહી છે.

આ અંગે ''અમરેલી એકસપ્રેસ''માં અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ રાજયમંત્રી કૌશિક વેકરિયાની સુચનાથી થોડા મહિના પહેલા માર્ગની સાઈડમાં એક મીટર જેટલું માટી કામ કરવામાં આવેલ અને બાદમાં વન વિભાગની મંજૂરી મેળવવામાં આવતાં હવે, માર્ગની પહોળાઈ ૧૬ ફૂટ જેટલી વધારવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

અચાનક મોબાઈલ અપડેટ થયા બાદ

રાજુલાના દાતરડી ગામનાં યુવકનાં બેન્ક ખાતામાંથી ૫૩ હજારની ઉઠાતંરી

બેન્ક ઓફ મહારાષ્ટ્રનાં ખાતેદાર સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૩

રાજુલા તાલુકાના દાતરડી ગામે નેશનલ હાઈવેની બાજુમાં રહેતા કીશોરભાઈ મગનભાઈ ભીલ નામના ૪૦ વર્ષીય યુવકનો મોબાઈલ ફોન ગત તા. ૩૧ના રોજ સાંજે ૫ વાગ્યાના અરસામાં અચાનક અપડેટ થવા લાગેલ અને ત્યારબાદ તા. ૧ના રોજ સવારે પોતે પોતાના બેંક ખાતાનું બેલેન્સ તપાસતા તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ડુંગર શાખાના બચત

અનુસંધાન પાના ૬ ઉપર

'દિપોત્સવ પર્વ'ને લઈને સત્તાધીશોનો નિર્ણય

અમરેલી : ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ૬ નવેમ્બરથી ૧૩ નવેમ્બર સુધી જાહેર રજા રહેશે

૧૪ નવેમ્બરને શનિવારે લાભપાંચથી કામકાજ રાબેતા મુજબ

અમરેલી, તા. ૩

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી દ્વારા આગામી દિવાળી પર્વ નિમિતે તા. ૬/૧૧/૨૦૨૬ ને શુક્રવારથી તા. ૧૩/૧૧/૨૦૨૬ને શુક્રવાર સુધી રજા જાહેર કરવામાં આવે છે. જે દરમ્યાન અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે.

તા. ૧૪/૧૧/૨૦૨૬ને શનિવાર (લાભ પાંચમ) થી અમરેલી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે તેમજ લાલ સુકા મરચાની હરરાજી પણ કરવામાં આવશે. તેથી તમામ જણસીઓની આવકને તા. ૧૩/૧૧/૨૦૨૬ને શુક્રવારના રોજ પ્રવેશ મળશે. જેની દરેક લાગતા વળગતાઓએ નોંધ લેવી

ઘણા સમયથી દારૂનુ વેચાણ વધતા

બગસરામાં દેશી–વિદેશી દારૂનાં વેચાણ પર પોલીસની કડક કાર્યવાહી શરૂ

દારૂના દુષણ પર રોક લાગતા શહેરીજનોએ પોલીસની કામગીરીને વખાણી

બગસરા, તા. ૩

બગસરા શહેરમાં છેલ્લાં ઘણાં સમયથી દેશી અને વિદેશી દારૂના ખુલ્લેઆમ વેચાણની ફરિયાદો ઊઠી રહી હતી. શહેરમાં પોલીસ અધિકારીઓની હાજરી હોવા છતાં દારૂનું વેચાણ બેફામ ચાલતું હોવાના આક્ષેપો થતા હતા. દારૂના નશામાં ધૂત થઈને કેટલાક લોકો જાહેર માર્ગો પર લથડિયાં ખાતા નીકળતા હોવાથી શહેરીજનોમાં ભારે નારાજગી જોવા મળતી હતી. જો કે, તાજેતરમાં શહેર પોલીસ ઈન્સ્પેકટર તરીકે ઓમદેવસિંહ જાડેજાએ ચાર્જ સંભાળતાં જ દારૂના ગેરકાયદેસર ધંધા સામે કડક વલણ અપનાવ્યું છે.

શહેરમાં અગાઉ દારૂના વેચાણ અને જાહેરમાં દારૂ પીવાના બનાવો અંગે વારંવાર ફરિયાદો ઊઠતી હતી. બુટલેગરોને જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય તેમ ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોવાના આક્ષેપો પણ થયા હતા. ભૂતકાળમાં દારૂના ગેરકાયદેસર વેચાણના દશ્યો દર્શાવતા વીડિયો પણ સામે આવ્યા હતા. તેમ છતાં આ પ્રવૃત્તિઓ પર અસરકારક અંકુશ ન આવતાં લોકોમાં પોલીસની કામગીરી સામે સવાલો ઊઠતા હતા. આ પરિસ્થિતિ વચ્ચે નવા પોલીસ ઈન્સ્પેકટર ઓમદેવસિંહ જાડેજાએ

અનુસંધાન પાના ૬ ઉપર

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. સાગર લાલાણી — પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ — બાળકોના મગજના રોગો, આંચકી, ખેંચના નિષ્ણાંત — તા. ૦૪/૧૧/૨૦૨૬, બુધવારે, સવારે ૧૦ થી ૨

ડો. સાગર ઘોડાસરા — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા. ૦૫/૧૧/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૪૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

ડો. ઉત્પલ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૪૮૭૭ ૯૫૮૮૬

ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એમ.બી. - ગાયનેક. ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૬૯૧૩૬ ૨૮૨૩૦

ત્રણ સિંહો વચ્ચે ટેરેટરીનાં ઘર્ષણમાં દરિયામાં સિંહ ખાબકયો હોવાની આશંકા

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ પિપાવાવ પોર્ટની જેટી વિસ્તારમાંથી સિંહનો મૃતદેહ મળી આવતા અરેરાટી

હોડીની મદદથી દરિયામાંથી મૃતદેહ બહાર કઢાયો, મોતનું સાચુ કારણ જાણવા પીએમ કરાશે



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં પીપાવાવ પોર્ટની જેટી વિસ્તારમાંથી આશરે ૫ થી ૭ વર્ષનાં એક સિંહનો મૃતદેહ મળી આવતાં વન્ય જીવપ્રેમીઓમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તારણ મુજબ ત્રણ સિંહો વચ્ચે ટેરેટરીને લઈને થયેલા ઘર્ષણ દરમિયાન એક સિંહ દરિયામાં ખાબકયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજુલાનાં પટવા ગામનાં કાંઠેથી સામે આવેલા ચાંચ બંદર તરફ જવા માટે સિંહે દરિયો પાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ દરિયો તરીને પાર કરવામાં નિષ્ફળ રહેતાં તેનું મોત નીપજયું હોવાનું વનતંત્રનું પ્રાથમિક અનુમાન છે.

આ બનાવમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર પીપાવાવ પોર્ટની જેટી વિસ્તારનાં દરિયામાં સિંહનો મૃતદેહ નજરે પડતા મળતાં વનવિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી સિંહનાં મૃતદેહને દરિયાનાં પાણીમાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં દરિયામાંથી સિંહનો મૃતદેહ બહાર કાઢવા માટે હોડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારે જહેમત બાદ મૃતદેહને દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. વનતંત્રનાં પ્રાથમિક અનુમાન મુજબ ત્રણ સિંહો વચ્ચે ટેરેટરીને લઈને થયેલા ઘર્ષણનાં પગલે એક સિંહ દરિયામાં ખાબકયો હોઈ શકે છે. પટવા ગામનાં કાંઠેથી ચાંચ બંદર તરફ જવા દરમિયાન સિંહ દરિયો પાર કરી શકયો ન હોવાની પણ આશંકા છે. જોકે, સિંહનું મોત કયા ચોક્કસ કારણોસર થયું તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

આ મામલે રાજુલા વનવિભાગનાં આરએફઓએ ઘટનાની પુષ્ટિ કરી હતી. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. અને મોતનું સાચું કારણ જાણવા વનવિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ

SHYAM Caterers — સ્પે. ગુજરાતી થાળી — શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)

શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ / શીંગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ

The King of catering service

અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩ | જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫

સ્થળ — એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM

WE ARE HIRING

JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Namkeen Sales HOD - 1
- Liaisonig Officer - 2
- Sales & Marketing Officer - 3 (ice cream/milk/icecream)
- Cashier - 2
- Sales Co - Ordinator - 7
- Business Development Manager - 1
- Franchise Development Manager - 1
- Junior Accountant - 2
- Billing Operator - 2
- Telecaller - 1
- Reporting Manager - 2
- HR - Recruiter - 1

Only Male Candidates With Experience May Apply.

Location : Amreli, Gujarat.

hrsopl1987com

+91 95109 59957

APPLY NOW

અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી મળશે...

॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥

પંજાબી | ચાઈનીઝ | કાઠિયાવાડી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે

શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩

કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી

Netra Chikitsa Trust School of Nursing, Amreli

Admission Open

BSc Nursing | GNM | ANM

Contact : +91 79846 91227

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)